


અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૧૩-૦૯-૨૦૨૪ શુક્રવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,




તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ ભાદરવા સુદ ૧૦ વર્ષ : ૨૮ અંક ૩૩૫

## શ્રીમતી જ્યોત્સનાબેન રિબડીયાએ બગસરા નગરપાલિકાનું શાસન સંભાળ્યાનું એક વર્ષ પુરૂ થતા

# બગસરામાં આજે લોકાર્પણ, ખાતમુહુર્ત કાર્યક્રમ યોજાશે

**યુડીપી ગ્રાન્ટમાંથી ઝાંઝરીયાનાં રસ્તે પુલ અને સીસીરોડ માટે રૂા. ૪૨૫ લાખનાં ખર્ચે મંજુરી મળતા લોકાર્પણ અને ખાતમુહુર્ત સહિતનાં વિવિધ કાર્યક્રમો**

**બગસરામાં અમૃત-૨ યોજના અંતર્ગત વોટર સપ્લાય પ્રોજેક્ટ રૂા. ૧૮૦ લાખનાં ખર્ચે બનાવવાનું આયોજન થતા લોકાર્પણ સહિતનાં કાર્યક્રમો**



બગસરા,બગસરા નગરપાલિકાનાં શાષનને એક વર્ષ પુરૂ થતા કરેલા કામોની રૂપરેખાલોકોસમક્ષમુકવાઅનેવિકાસનાં બે કાર્યોનાં લોકાર્પણ અને ખાતમુહુર્ત યોજાશે. યુડીપી ૮૮ ની ગ્રાન્ટમાંથી ઝાંઝરીયાનાં રસ્તે પુલ તથા સીસી રોડ ૪૨૫ લાખનાં ખર્ચે બનતા લોકાર્પણ, ખાતમુહુર્ત અને અમૃત-૨ અંતર્ગત વોટર સપ્લાયપ્રોજેક્ટ જેતપુર પાણીનાંટાંકે ૧૮૦ નાં ખર્ચે સાંજે ૫ કલાકે તા.૧૩-૯-૨૪ શુક્રવારે પાણીનાંટાંકે કાર્યક્રમનાંઅધ્યક્ષપદે નાયબ દંડક શ્રી કૌશિકભાઇ વેકરીયા, ઉદઘાટક તરીકે સાંસદ શ્રી ભરતભાઇ સુતરીયા, ધારાસભ્યશ્રી જે.વી.કાકડીયા, મુખ્ય મહેમાન પદે રાજેશભાઇ કાબરીયા,

## શહેરનાં સિનિયર સિટીઝન પાર્ક ખાતે

# સારહીના સંગાથે ગણપતિ મહોત્સવમાં દર્શન આરતીનો લાભ લેતા શ્રી દિલીપભાઈ સંઘાણી

**ભગવાન શ્રી ગણેશજીની ભક્તિ અને ઉપાસના પર્વ ગણેશ મહોત્સવનો અનેરો આનંદ**



અમરેલી,

દુ:ખ હરતા મંગલકરતા ભગવાન ગણેશજીની ભક્તિ અને ઉપાસનાપર્વ ગણેશ મહોત્સવ અમરેલી શહેરમા ધામધુમથી રહેલ છે. સારહી યુથ કલબ ઓફ અમરેલીદ્વારા અમરેલી શહેરના સીનીયર સીટીઝનપાર્ક ખાતે ભવ્ય ગણેશોત્સવનું આયોજન કરવામા આવેલ છે જેના પ્રથમ દિવસે રાષ્ટ્રિય

(અનુ. પાના નં.૭)

## સ્વામિનારાયણ સંપ્રદાયના આધ્યાત્મિક પ્રવાસ પુરો કરી

# ધારીમાં અયોધ્યાથી યાત્રા પ્રવાસીઓ યાત્રા કરીને પરત આવતા સન્માન

**અયોધ્યાનાં યાત્રીકોનું સ્વાગત કરી ગ્રામજનોએ પેંડા વહેચી મોં મીઠા કર્યા**



ધારી, (ઉદયચોલેરા)

ધારી પુજય શ્રી યોગીજી મહારાજ પાવન ભૂમિ થી પુજય શ્રી સ્વામિનારાયણ ભગવાન ના આશીર્વાદ થી શ્રધ્ધાળુઓ દર્શનાર્થે અયોધ્યા દર્શનાર્થે પ્રવાસ જાત્રાએ ભાવિક ભક્તો ગ્રામજનો ગયા હતા એમના ધારી ખાતે પરત વતન આવતા તેમનુ આજે સ્વાગત સન્માન ફુલહાર થી સન્માનિત કરવામાં આવેલ અને ભાવિ ભકતો ને પેંડા ખવરાવી મીઠામોઢા કરાવી એમના સૌએ આશિર્વાદ લીધા હતા અને ધારી ગ્રામજનો રમેશભાઈ બી મકવાણા ઉપ પ્રમુખ અમરેલી જિલ્લા અખિલ ભારતીય કોળી સમાજ ધારી, ભરતભાઈ મકવાણા

(અનુ. પાના નં.૭)

## રોડ ઉપર પુલનુ કામ ચાલી રહ્યું છે તેથી અવાર નવાર સર્જાતા અકસ્માતો

# સાવરકુંડલા નજીક એસટી બસ અને પેસેન્જર જીપનો અકસ્માત સર્જાયો

**ડ્રાઇવર અકસ્માત સર્જી નાસી છુટયો : ઇજા ગ્રસ્તોને સારવારમાં ખસેડાયા**



વિજપડી, (સંજય વાઘેલા)

સાવરકુંડલા તરફથી આવતી પૂર પાટ ઝડપે એસટીબસે જીપને હડફેટે લેતાં જીપમાં સવાર થયેલા કેટલાંય લોકોને ઈજા પહોંચી હતી. સવારકુંડલા થી મહુવા સુધીના રોડ ઉપર પુલનું કામ અનેક જગ્યા ઉપર ચાલતું હોવાથી અકસ્માત સર્જાય રહ્યા છે. રોડનું કામનું કામ ઘણા સમયથી ચાલી રહ્યુ છે. એક સાથે બધા પુલ તોડી ખુલા મૂકી દેવામાં આવ્યા છે તેથી લોકોને મુશ્કેલી વેઠવી પડે છે. તાત્કાલીક પુલનું કામ પૂર્ણ

(અનુ. પાના નં.૭)

# સાવરકુંડલાનાં મહુવા રોડ ઉપર આઇસરે બાઇકને હડફેટે લઇ લેતા યુવાનનું મોત

**આઇસર ટ્રકે બાઇક સાથે ભટકાવી મોત નિપજાવ્યાની ફરિયાદ**


અમરેલી,સાવરકુંડલાનાં મહુવા રોડ આઈસર ચાલકે બાઈકને હડફેટે લેતા યુવાનનું મોથ થયાનો બના બનેલ છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર સાવરકુંડલાથી તળાજા જતા અજયભાઇ લાભુભાઈ વાઘેલા ઉ.વ.૨૨ રાજધાની હોટલ પાસે પહોંચતા આઈસર ટ્રકનાં ચાલકે પુર ઝડપે અને બેફીકરાઈથી ચલાવી બાઈક સાથે ભટકાવી અજયભાઈનું મોત નિપજાવ્યાની લાભુભાઈ જીણાભાઈ વાઘેલાએ સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.















## ગુજરાતે છેલ્લા ત્રણ વર્ષોમાં વિવિધ ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસલ કરી

# શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાતમાં તેમના સુશાસનના ત્રણ વર્ષ પૂર્ણ કર્યા

## ત્રણ વર્ષમાં ગુજરાતનાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલી ગુજરાતની વિકાસયાત્રાને સતત આગળ વધારી

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૧૧ જેટલી મહત્ત્વપૂર્ણ પોલિસી લોન્ચ કરી છે જે ગુજરાતની પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકેની છબીને વધુ મજબૂત બનાવે છે

અમરેલી,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતમાં તેમના સુશાસનના ત્રણ વર્ષ પૂર્ણ કર્યા છે. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ તેમણે ગુજરાતના મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. આ ત્રણ વર્ષોમાં મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલી ગુજરાતની વિકાસયાત્રાને સતત આગળ વધારી છે. મક્કમ નેતૃત્વ હેઠળ ગુજરાતે છેલ્લા ત્રણ વર્ષોમાં વિવિધ ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. તેમના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં જી૨૦ મીટિંગો તેમજ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું ૧૦મું સંસ્કરણ, બંને સફળતાપૂર્વક સંપન્ન થયા છે. તેમના નેતૃત્વ હેઠળ આજે ગુજરાત દેશનું સેમિકન્ડક્ટર હબ અને રિન્યુએબલ હબ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ત્રણ વર્ષ દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૧૧ જેટલી મહત્ત્વપૂર્ણ પોલિસી લોન્ચ કરી છે, જે ગુજરાતની પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકેની છબીને વધુ મજબૂત બનાવે છે. ગુજરાતની જનતાની સેવાના ત્રણ વર્ષોમાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને તેમની 'ટીમ ગુજરાતે' દરેક ક્ષેત્રોમાં ઝડપી વિકાસને વેગ આપ્યો છે. વડાપ્રધાનશ્રીએ 'વિકસિત ભારત ૨૦૪૭'નું વિઝન આપ્યું છે, તેને 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત' ની નેમ સાથે સાકાર કરવા માટે મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર પ્રતિબદ્ધતાથી કાર્ય કરી રહી છે. મુખ્યમંત્રીશ્રીના ૩ વર્ષના કાર્યકાળ દરમિયાન જાહેર કરાયેલી મહત્ત્વપૂર્ણ યોજનાઓ, પહેલ, નીતિઓ અને ગુજરાતની સિદ્ધિઓ અંગે માહિતી મેળવીએ.

### ત્રણ વર્ષ દરમિયાન ૧૧ મહત્વપૂર્ણ નવી નીતિઓ જાહેર

૧.ગુજરાત આત્મનિર્ભર પોલિસી, ૨.ગુજરાત બાયોટેક્નોલોજી પોલિસી, ૩.નવી ગુજરાત IT/ITes પોલિસી, ૪.ગુજરાત સ્પોર્ટ્સ પોલિસી, ૫.ડ્રોન પોલિસી, ૬.ગુજરાત સેમિકંડક્ટર પોલિસી, ૭.ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી, ૮.સિનેમેટિક ટુરિઝમ પોલિસી, ૯.સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ્સ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦ (SSIP-૨.૦), ૧૦.ગુજરાત ખરીદ નીતિ, ૧૧.ગુજરાત ગ્રીન હાઈડ્રોજન ૨૦૨

### સુશાસનની સિદ્ધિઓ

ગુજરાતની જનતા માટે ગરવું ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત, ગતિશીલ ગુજરાત એમ ૫૨નો સમાવેશ કરતું સર્વગ્રાહી દિશાદર્શન કરનારુ ૩.૩૨ લાખ કરોડનું બજેટ, અર્નિંગ વેલ, લિવિંગ વેલ ના મંત્ર સાથે 'વિકસિત ગુજરાત ૨૦૪૭' નો રોડમેપ બનાવનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું ગુજરાત, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૧૦મા સંસ્કરણનું સફળ આયોજન, ઝીરો કેઝ્યુઅલ્ટી સાથે બિપરજોય વાવાઝોડાનો સામનો, ગુજરાતમાં સફળતાપૂર્વક ૧૭મી G૨૦ બેઠકોનું આયોજન, ૨૬૪૯ અમૃત સરોવરોનું નિર્માણકાર્ય પૂર્ણ, લક્ષ્યાંકના ૧૦૭%, મુખ્યમંત્રી કાર્યાલયને ISO ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફિકેશન પ્રાપ્ત, મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા અધિકૃત વોટ્સએપ ચેનલ કાર્યરત, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ ઈન્ડેક્સમાં આરોગ્ય સુવિધા સુખાકારી ક્ષેત્રે ગુજરાત સતત બીજીવાર દેશમાં, G ગરીબો, વંચિતો, આદિવાસીઓ અને શ્રમિકોનો વિકાસ, રાજ્યના ૩.૮૨ કરોડ લોકોને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનામાં આવરી લેવાશે, ૭૨ લાખથી વધુ NFSA કાર્ડધારક પરિવારોને મફત અનાજ વિતરણ, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગુજરાતમાં ૧૪ લાખથી વધુ આવાસોનું નિર્માણકાર્ય, ૧ લાખ કરોડની વનબંધુ કલ્યાણ યોજના ૨.૦ અમલમાં મૂકવામાં આવી, આગામી ત્રણ ૧૫૦૦ કરોડના ખર્ચે ૩ લાખ જેટલા શ્રમિક બસેરાનું નિર્માણ કરવાનું આયોજન, ઈ-શ્રમ પોર્ટલ પર ૧.૧૭ કરોડથી વધુ અસંગઠિત શ્રમયોગીઓને આપવામાં આવ્યા સ્માર્ટ કાર્ડ, શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ રાજ્યના ૧૯ જિલ્લાઓમાં ૨૯૦ ખાદ્ય વિતરણ કેન્દ્રો કાર્યરત, શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ અત્યાર સુધીમાં ૨.૬૮ કરોડ લોકોને ભોજન વિતરણ

### Y- યુવા વિકાસ સફળ યુવા, સમર્થ ગુજરાત

ભારત સરકારના સ્ટાર્ટઅપ રેન્કિંગ મુજબ ગુજરાત છેલ્લા ચાર વર્ષોથી સતત દેશમાં પ્રથમ ક્રમે, 'કૌશલ્ય સાથે શિક્ષણ' ના હેતુ સાથે 'કૌશલ્યા - ધ સ્કિલ યુનિવર્સિટી (KSU)' ની સ્થાપના - ડ્રોન એપ્લિકેશનમાં ૯ અદ્યતન કોર્સની શરૂઆત,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રેરિત સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સીએમ ફેલોશીપ કાર્યક્રમ હેઠળ સી.એમ. ફેલોની પસંદગી, સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન, ૨૨ જિલ્લાઓમાં ૨૪ જિલ્લા રમત સંકુલ કાર્યરત, ખેલ મહાકુંભ ૨.૦માં ૫૩.૬૬ લાખથી વધુ લોકોએ ભાગ લીધો, રાજ્યના ૨૧ જિલ્લાઓના ૫૦ તાલુકાઓમાં સરકારી પુસ્તકાલયોની શરૂઆત.,

### Y- અન્નદાતાનું માન, અન્નદાતાનું ધ્યાન


પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનામાં ૫૮.૮ લાખ ખેડૂત કુટુંબોના ખાતામાં જમા થયા ૧૧,૦૫૮.૬ કરોડ, બન્યો સૌપ્રથમ ૧૦૦% પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો, રાજ્યના ૫૩ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીની તાલીમ મેળવી, ૯.૮૫ લાખ ખેડૂતો ૮.૪૫ લાખ એકરથી વધુ જમીન પર સક્રિય રીતે પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે., નેનો યુરિયાનો વધ્યો વ્યાપ, ૫૬.૬૫ લાખ જેટલી નેનો યુરિયાની (૫૦૦ મીલિ) બોટલોનો થયો વપરાશ, કૃષિ ક્ષેત્રે ઉદ્યોગસાહસિકતાને આપવા અને કૃષિક્ષેત્રને લગતી માહિતી સેન્ટ્રલ પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવા ઈન્ડેક્સ-A ની સ્થાપના, રાજ્યના ૨૪૬ તાલુકાઓમાં રવી કૃષિ મહોત્સવ ૨૦૨૩ નું સફળ આયોજન, જેમાં ૨.૧૦ લાખથી વધુ ખેડૂતોએ કૃષિ યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકો/નિષ્ણાતો પાસેથી મેળવ્યું ટેક્નિકલ માર્ગદર્શન, તુવેર ૭,૦૦૦ પ્રતિ ક્વિન્ટલ, ચણા ૫૪૪૦ પ્રતિ ક્વિન્ટલ અને રાયડાની ૫૬૫૦ પ્રતિ ક્વિન્ટલની ભાવે ખરીદી, વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ચણાનું ઉત્પાદન વધતાં રાજ્ય સરકારના ખર્ચે વધારાના ૨૨ હજાર મેટ્રિક ટન જેટલા ચણાની ૧૧૫ કરોડથી વધુના ખર્ચે ખરીદી, ઈ-સેવાઓની સુલભતા માટે સામાન્ય સેવા કેન્દ્રો (CSCs) તરીકે PACS એટલે કે પ્રાથમિક કૃષિ ધિરાણ સંસ્થાઓનો વિકાસ કરવા માટે GOIની પહેલ અન્વયે ૩૨૩૩ PACS ઓનબોર્ડ-૧૮૧૨ PACS, વિવિધ કૃષિ રાહત પેકેજ દ્વારા ૧૨.૭૮ લાખ અસરગ્રસ્ત ખેડૂતોને ૧૯૨૫.૮૯ કરોડની સહાય, જૂલાઈ-૨૦૨૪માં અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત વિસ્તારના ખેડૂતો માટે ૩૫૦ કરોડનું કૃષિ રાહત-સહાય પેકેજ, ત્રણ વર્ષમાં પશુપાલન ક્ષેત્ર માટેના બજેટમાં ૧૩૨%નો વધારો, 'મુખ્યમંત્રી ગૌ-માતા પોષણ યોજના અન્વયે ૬૦૯ કરોડની સહાય, લમ્પી રોગચાળા દરમિયાન ૬૩ લાખ પશુઓમાં રસીકરણ કરવામાં આવ્યું., મિલેટ લાભ રાજ્યના ૮૦ લાખ જેટલા લોકો અને ખેડૂતોને થયો., લગભગ ૧૫ લાખ ખેડૂતોએ માઈક્રો ઈરિગેશન પદ્ધતિ અપનાવી, ૨૩.૪ લાખ હેક્ટર વિસ્તારને આવરી લીધો છે., છેલ્લા ૩ વર્ષોમાં ખેડૂતોને ૨૪,૬૬૦ કરોડની પાવર સબસીડી આપવામાં આવી., કિસાન સૂર્યોદય યોજના હેઠળ રાજ્યના ૧૩,૭૩૦ એટલે કે ૭૬% ગામડાઓમાં ખેડૂતોને દિવસે વીજળી, ખેડૂતોની જીવન સુધારો., N- નારી સશક્તિકરણ (સશક્ત નારી, સશક્ત પરિવાર)., નારી સશક્તિકરણ માટે નારી ગૌરવ નીતિ-૨૦૨૪., વર્ષ ૨૦૨૩માં સૌપ્રથમવાર જેન્ડર બજેટ ૧ લાખ કરોડને પાર, ૨૦૦થી વધુ યોજનાઓ માત્ર મહિલાલક્ષી., '૨૦૨૪-૨૫માં જેન્ડર બજેટમાં મહિલા સશક્તિકરણની કુલ ૮૦૪ યોજનાઓ આવરી લેવાઈ., મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ ૫ લાખથી વધુ સગર્ભા અને ધાત્રી માતાઓને 'પોષણ સુધા યોજનાનો વ્યાપ વધાર્યો, ગુજરાતના તમામ ૧૪ આદિજાતિ જિલ્લાઓમાં અમલી., "નમો ડ્રોન દીદી યોજના' હેઠળ ગુજરાતમાં મહિલાઓને ખેતીમાં નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ડ્રોન દ્વારા ખાતર અને જંતુનાશકોનો છંટકાવ કરવાની તાલીમ.

### સ્વસ્થ ગુજરાત, સમૃદ્ધ ગુજરાત

રાજ્યના ૨.૬ કરોડથી વધુ લોકોને આયુષ્માન કાર્ડ., પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના - મુખ્યમંત્રી અમૃતમ હેઠળ ગુજરાતના નાગરિકોને મળતી ૫ લાખની સહાય વધારીને ૧૦ લાખ., વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે રાજકોટ AIIMSનું ઉદ્ઘાટન., છેલ્લા ૩ વર્ષોમાં રાજ્યમાં ૯ નવી મેડિકલ કોલેજો કાર્યરત, કુલ ૧૧૦૦ મેડિકલ સીટ્સ ઉપલબ્ધ., રાજ્યની વિશિષ્ટ પહેલ અંતર્ગત, ૧.૧૫ કરોડ વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ બાદ ડિજિટલ હેલ્થ કાર્ડ ઉપલબ્ધ કરાવનાર ગુજરાત એક રાજ્ય., ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર માટે ૩ લાખ પોષણકિટનુ વિતરણ, આ કામગીરીમાં ગુજરાત દેશમાં પ્રથમ., પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ૧૦,૦૨૯ નિક્ષયમિત્રનું નિક્ષય પોર્ટલમાં રજિસ્ટ્રેશન., નમો શ્રી યોજનામાં ગર્ભવતી મહિલાઓને ૧૨ હજારની આર્થિક સહાય આપવાની યોજના જાહેર., ૧૦૮ એમ્બ્યુલન્સ સર્વિસ અંતર્ગત ૧૫૦ નવી એમ્બ્યુલન્સનો વધારો, કુલ સંખ્યા ૮૦૦., રાજ્યમાં કુલ ૩૫ ડે કેર કીમોથેરાપી સેન્ટર્સ શરૂ કરવામાં આવ્યા. જેમાં ૬૩ હજારથી વધુ દર્દીઓના ૧,૬૯,૦૬૬ કીમોથેરાપી સેશન્સ થયા., ફ્રી ડાયગ્નોસ્ટિક સર્વિસ ઈનીશિએટિવ (FDSI) અંતર્ગત પેટા જિલ્લા હોસ્પિટલો ખાતે લેબોરેટરી ટેસ્ટની સંખ્યા ૩૩થી ૧૧૧, જિલ્લા હોસ્પિટલ ખાતે લેબોરેટરી ટેસ્ટની સંખ્યા ૬૮થી ૧૩૪ કરવામાં આવી., પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસિસ પ્રોગ્રામ અંતર્ગત ગુજરાતમાં નવા ૧૮૮ ડાયાલિસિસ કેન્દ્રો શરૂ., રાષ્ટ્રીય નેત્રદાન ઝુંબેશ હેઠળ ગુજરાતમાં ૧૪ લાખ સફળ મોતિયાના ઓપરેશન કરાયા

### શિક્ષિત ગુજરાત, સંપન્ન ગુજરાત

શિક્ષણ વ્યવસ્થાની રિયલ ટાઈમ જાણકારી



મેળવવા વિદ્યાસમીક્ષા કેન્દ્રનો પ્રારંભ., મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત ૮૭૪.૬૮ કરોડના ખર્ચે ૯૭,૧૮૭ સ્માર્ટ ક્લાસરૂમ્સ તથા ૧,૪૩૨.૪૦ કરોડના ખર્ચે ૨૧,૦૩૭ કોમ્પ્યુટર., 'નમો લક્ષ્મી' યોજના હેઠળ ધોરણ ૯ થી ૧૨ દરમિયાન ચાર વર્ષોમાં વિદ્યાર્થિનીઓને ૫૦ હજારની સહાય., ધોરણ ૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં એડમિશન લેનાર વિદ્યાર્થીઓ માટે 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' હેઠળ ૨૫ હજારની સહાય.

### નાગરિકો માટે ઉત્તમ પરિવહન સેવા

૯૪.૬૫ કરોડના ખર્ચે ૩૨ નવીન બસ સ્ટેશનો., ૩ સ્થળોએ પીપીપી એરપોર્ટ જેવી સુવિધા ધરાવતા બસપોર્ટ પ્રજાની સેવામાં લોકાર્પિત., ગુજરાત એસટી નિગમ દ્વારા ૩૦૦ લકઝરી, ૨૦૦ સેમી લકઝરી કોચ, ૪૦૦ સ્લીપર કોચ, ૧૬૮૨., સુપર એક્સપ્રેસ (૪૦૦-ઈનહાઉસ+૧૨૮૨ રેડી બિલ્ટ), ૪૦૦ મીની બસ અને ૫ ડબલ ડેકર ઈલેક્ટ્રિક બસ મળીને કુલ ૨૯૮૭ નવીન બસો લોકાર્પિત., ઘેર બેઠા ટિકિટ મેળવવા ઈ-ટિકિટની મોબાઈલ એપ્લિકેશનથી ટિકિટની સુવિધાઓ., એસટી બસોમાં ૩૦૦૦ મશીનો દ્વારા યુપીઆઈ ઓનલાઈન પેમેન્ટની શરૂઆત

### ઔદ્યોગિક ક્ષેત્રે ગતિશીલ ગુજરાત

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪નું ૧૦મું સંસ્કરણ સફળતાપૂર્વક સંપન્ન., વાઈબ્રન્ટ ગુજરાતના ૧૦માં સંસ્કરણમાં ૧૪૦થી વધુ દેશોમાંથી ૬૧,૦૦૦થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો., વાઈબ્રન્ટ સમિટના ભાગ રૂપે ૧૫૦ જેટલા સેમિનાર અને કાર્યક્રમોનું આયોજન., ગુજરાતના ૧૦માં સંસ્કરણમાં ૨,૮૬૨ B2B મીટિંગ્સ અને ૧,૩૬૮ B2G મીટિંગ્સ યોજાઇ., ઉદ્યોગોને આત્મનિર્ભરતા માટે સહાયની "ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસીસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ" જાહેર., ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય, જ્યાં ૪ સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થશે., સાણંદમાં ૨૨,૫૦૦ કરોડના ખર્ચે માઈક્રોન કંપની દ્વારા સેમિકન્ડક્ટર પ્લાન્ટનું કામ પૂરજોશમાં., સી.જી.પાવર, રેનેસાસ ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન સ્ટાર્સ માઈક્રો ઈલેક્ટ્રોનિક્સના સંયુક્ત ઉપક્રમે ૭૬૦૦ કરોડના રોકાણથી પ્લાન્ટ શરૂ થશે., ધોલેરામાં ટાટા ઈલેક્ટ્રોનિક્સ પ્રાઈવેટ લિમિટેડ અને પાવરચીપ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન સાથે મળીને ૯૧,૦૦૦ કરોડના રોકાણ સાથે સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન યુનિટ સ્થાપશે., કેયન્સ સેમિકોનનો પ્લાન્ટ સાણંદમાં ૩૩૦૦ કરોડના રોકાણ સાથે ૬૦ લાખ ચિપ્સ પ્રતિદિન ઉત્પાદન કરશે., આત્મનિર્ભર ગુજરાત અંતર્ગત, સ્પર્ધાત્મક ગુણવત્તાયુક્ત ઉત્પાદનો પ્રદાન કરવા માટે MSMEs માટે 'આસિસ્ટન્સ ફોર ક્વોલિટી સર્ટિફિકેશન' સુવિધાઓ પ્રદાન કરવામાં આવી રહી છે., ગુજરાત ૩૮,૦૦૦થી વધુ ZED પ્રમાણિત MSMEs સાથે આ કેટેગરીમાં ટોપ પર્ફોર્મર., મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે સેમિકોન ઈન્ડિયા સમિટ ૨૦૨૩નું સફળતાપૂર્વક આયોજન., ભારત સરકારના DPIIT અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૪માં ગુજરાતને ૭.૩ બિલિયન FDI ગુજરાતે ગત વર્ષની સરખામણીએ ૨.૬ બિલિયન વધુ FDI પ્રાપ્ત કર્યું., નવસારીના વાંસી-બોરસી ખાતે અદ્યતન સુવિધા સાથે પીએમ-મિત્ર પાર્કનું નિર્માણ થશે.

### વિશ્વ કક્ષાનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર

સાબરમતી નદી પર અટલ ફૂટઓવર બ્રિજનું નિર્માણ., રાજકોટ ખાતે હીરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટનું નિર્માણ., ઓખા અને બેટ-દ્વારકાને જોડતા નવનિર્મિત સુદર્શન સેતુનું લોકાર્પણ., અંદાજિત ૩૯૪ કરોડના ખર્ચે એરફોર્સ ડીસાના રનવેનું લોકાર્પણ., સુરતમાં વિશ્વના સૌથી મોટા કોર્પોરેટ ઓફિસ હબ ડાયમંડ બુર્સનું લોકાર્પણ., સુરત ખાતે ગુજરાતનું ત્રીજું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ કાર્યરત., દ્વારકા ખાતે નવા એરપોર્ટના નિર્માણ અને કેશોદ એરપોર્ટના વિસ્તરણનો નિર્ણય., અમદાવાદ, સુરત, ગાંધીનગર અને વડોદરામાં ૩૦ સ્કાયસ્ક્રેપર બિલ્ડિંગોને મંજૂરી મળી

### અર્નિંગ વેલ, લિવિંગ વેલ (શહેરી વિકાસ અને ગ્રામ્ય વિકાસ)

મેટ્રો ફેઝ-૧નું સપ્ટેમ્બર ૨૦૨૨માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા લોકાર્પણ., અમદાવાદ મેટ્રો ફેઝ-૨નું ટુંક સમયમાં થશે લોકાર્પણ, સુરત મેટ્રો પ્રોજેક્ટની કામગીરી પ્રગતિ હેઠળ., સ્માર્ટ સિટી મિશન હેઠળ રૂપિયા ૩૪૦૦ કરોડના ૧૫૯ પ્રોજેક્ટ પૂર્ણ., 'ગુજરાતના ૨૦ જિલ્લાના ૫૧ ગામો સ્માર્ટ વિલેજ જાહેર., સ્માર્ટ વિલેજોમાં ભારતનેટ ફેઝ-૨ હેઠળ ૨૦૪૨ કરોડના ખર્ચે ફાઈબર ગ્રીડ નેટવર્ક લિમિટેડનું લોકાર્પણ., રાજ્યની ૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજ્જો., વિવિધ મહાનગરપાલિકાઓમાં અમૃત યોજના ૧ હેઠળ ૩૩૫૦ કરોડના ૧૯૮ પ્રોજેક્ટ પૂર્ણ., અમૃત ૨.૦ હેઠળ વિકાસકાર્યો માટે ૧૭ હજાર કરોડની ફાળવણી., નાગરિકોના ઈઝ ઓફ લિવિંગ માટે મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી યોજના વધુ ત્રણ વર્ષ માટે લંબાવાઈ., ૧૧૬ કરોડના ખર્ચે ૮૮ સેન્ટરો શરૂ કરવાનું આયોજન., રાજ્યના કુલ ૧૦૫૭ તીર્થગામ અને કુલ ૪૪૫ પાવન ગામો મળીને કુલ ૧૫૦૨ ગામોને પુરસ્કાર અનુદાન., ગ્રામ પંચાયતોનું વિભાજન કરીને ૩૮૪ નવી ગ્રામ પંચાયતોનું નિર્માણ., દ્વારકા-ઓખા શહેરી વિકાસ સત્તામંડળની રચના.

### પ્રવાસન અને યાત્રાધામોનો વિકાસ

રાજ્યમાં પહેલી વખત ગિફ્ટ સિટી ખાતે ફિલ્મ ફેર એવોર્ડનું આયોજન., યુનાઈટેડ નેશન્સની વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા કચ્છનું ધોરડો ગામ બેસ્ટ ટુરીઝમ વિલેજ જાહેર., ભારતમાં સૌપ્રથમ સમુદ્ર સીમા દર્શનનો કચ્છમાં કોટેશ્વર નજીક લક્કી નાલા વિસ્તારમાં પ્રારંભ., 'UNESCOlt Prix Versailનીજ એવોર્ડ અંતર્ગત ભુજનું સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ અને મ્યુઝિયમ વિશ્વના ૭ સૌથી સુંદર મ્યુઝિયમ્સની યાદીમાં સામેલ., યુનેસ્કો દ્વારા ગુજરાતના ગરબા અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર તરીકે કરવામાં આવ્યાં., ભગવાન શ્રીકૃષ્ણની નગરી 'બેટ દ્વારકા'ની વિશ્વસ્તરીય કાયાપલટ કરવાનો નિર્ણય., ડોલ્ફિન માટે જાણીતો એકમાત્ર બેટ દ્વારકાનો 'નોર્થ-પદમ બીચ' પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે., પાવાગઢ ખાતે મહાકાળી માતાના નવનિર્મિત મંદિર પર ૫૦૦ વર્ષ બાદ શિખર પર ધ્વજારોહણ., મુખ્ય યાત્રાધામોની ફરતે નાના યાત્રાધામોનો ૮૫૭.૧૪ કરોડના ખર્ચે થઈ રહ્યો છે વિકાસ., કરોડના ખર્ચે ફેઝ-૧ હેઠળ બહુચરાજી માતાજી મંદિરનું પુનઃનિર્માણ, મંદિરના શિખરની ઊંચાઈ ૮૬ ફૂટ ૧ ઈંચ સુધી વધારવામાં આવશે., ભારત સરકાર દ્વારા 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અંતર્ગત સોમનાથ ખાતે સૌરાષ્ટ્ર-તમિલ સંગમ કાર્યક્રમનું આયોજન., ૧૨૦૦ કરોડના ખર્ચે સાબરમતી ગાંધી આશ્રમનો થશે પુનઃવિકાસ.

### શાંત અને સુરક્ષિત ગુજરાત

ગુજરાત પોલીસે એક વર્ષમાં ૫૬૪૦ ડ્રગ્સ પકડ્યું: ૪૩૧ આરોપીઓ સામે ૩૧૭ ગુના દાખલ., ગુજરાત પોલીસની ટીમે માત્ર ૨૦ દિવસમાં ૨.૫૮ લાખથી વધુ બેંક ખાતાઓ અનફ્રીઝ કર્યા., ભ્રષ્ટ અને ગુનાહિત પ્રવૃત્તિઓ દ્વારા મેળવેલી સંપત્તિઓને જપ્ત કરવા માટે ગુજરાત સ્પેશિયલ કોર્ટ્સ એક્ટ, ૨૦૨૪ અમલી., પોક્સો હેઠળના ગુન્હાઓમાં ૧૦ દિવસમાં કાર્યવાહી કરીને ૨૧ દિવસમાં ફાંસીની સજા., ૬૫૦ પોલીસ સ્ટેશનો પૈકી ૨૪૦ પોલીસ સ્ટેશનોને પી.આઇ. કક્ષાના પોલીસ સ્ટેશનમાં અપગ્રેડ કરવાનો નિર્ણય., ગુજરાત માનવબલિ અને બીજી અમાનુષી, અનિષ્ટ તેમજ અઘોરી પ્રથા, કાળા જાદુ અટકાવવા નિર્મૂલન વિધેયક સર્વાનુમતે પસાર., જાહેર ભરતી તથા બોર્ડની પરીક્ષામાંથતી ગેરરીતિ પર નિયંત્રણ લાવવા માટે કડક કાયદો બનાવાયો.

### જળસમૃદ્ધ ગુજરાત

વલસાડ જિલ્લામાં એન્જિયરિંગની ચમત્કારિક એસ્ટોલ પ્રોજેક્ટનું લોકાર્પણ., 'સુજલામ્ સુફલામ જળ અભિયાનના સાતમા તબક્કામાં જળસંગ્રહ ક્ષમતામાં ૧૧,૫૨૩ લાખ ઘનફૂટનો વધારો., રાજ્યમાં કેચ ધ રેઈનના કોન્સેપ્ટ સાથે જળસંચય જન ભાગીદારી અભિયાનની શરૂઆત., 'નલ સે જલ' યોજના હેઠળ છેલ્લા ૩ વર્ષમાં ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં ૧૪ લાખ નળ જોડાણ., 'સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભવિષ્યની પાણીની જરૂરિયાત માટે કરોડના બલ્ક પાઈપલાઈનના કામો પૂર્ણ., નળકાંઠાના વિસ્તારમાં ૩૯ ગામોને સિંચાઈની સુવિધા માટે ૪૦૦ કરોડથી વધુના કામોનો પ્રારંભ., 'રાજકોટ જિલ્લાના વિંછીયા ખાતે ૧૮૧ કરોડના ખર્ચે સૌની યોજના લિંક-૪નું ખાતમુહૂર્ત., સુરેન્દ્રનગર જિલ્લામાં સિંચાઈથી વંચિત ૪૫ ગામોને નર્મદાનું પાણી આપવા ૪૧૭ કરોડની યોજનાને મંજૂરી., 'દાહોદના ઐતિહાસિક છાબ તળાવનો ૧૧૭ કરોડના ખર્ચે કાયાકલ્પ

### સિદ્ધિઓ

કેન્દ્રના નીતિ આયોગની પેટર્ન પર ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT) ની સ્થાપના., વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી પ્રેરિત 'એક પેડ મા કે નામ' અભિયાન કાર્યક્રમ હેઠળ ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમે., ગુજરાતમાં ભક્ત કવિ નરસિંહ મહેતા આંતરરાષ્ટ્રીય સંશોધન કેન્દ્રની સ્થાપના કરવાનો નિર્ણય., ગરવી ગુર્જરી દ્વારા રાજ્યના ૫૦ વર્ષના હસ્તકલા અને હેન્ડલૂમ ઉત્પાદનોનું ૨૫ કરોડથી વધુનું વિક્રમી વેચાણ., 'ઓપરેશન ગંગા' હેઠળ યુક્રેનમાં સર્જાયેલી ભયંકર યુદ્ધની પરિસ્થિતિમાંથી ૧૩૮૬ ગુજરાતી વિદ્યાર્થીઓને ગુજરાત પરત લાવવામાં આવ્યા., બાંગ્લાદેશમાં હિંસાના માહોલની વચ્ચે ગુજરાતના ૧૪ વિદ્યાર્થીઓને સહીસલામત ગુજરાત પરત લાવવામાં આવ્યા., 'ઓપરેશન કાવેરી' હેઠળ સુદાનમાં ફસાયેલા ૫૬૯ બિન- નિવાસી ગુજરાતીઓને પરત લાવવામાં આવ્યા., 'ઓપરેશન હેઠળ ઈઝરાયેલમાં ફસાયેલા ૩૦ બિન-નિવાસી ગુજરાતીઓને પરત લાવવામાં આવ્યા.

### ઊર્જાવાન ગુજરાત

ઉકાઈ, કડાણા, પાનમ અને સરદાર સરોવર ડેમમાંથી ગસ્ટ ૨૦૨૪માં ૧૦૬૭.૩ મિલિયન યુનિટ વીજ ઉત્પાદન., ગુજરાતમાં વિવિધ સરકારી વિભાગોની ઈમારતો પર ૫૬.૮ મેગાવોટ ક્ષમતાની ૩૦૨૩ સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત., 'મોઢેરા ગામને સોલાર વિલેજ જાહેર કર્યાના દોઢ વર્ષમાં જ મોઢેરા ૩૧.૫ મિલિયન યુનિટ ગ્રીન એનર્જીનું ઉત્પાદન, કાર્બન ઉત્સર્જનમાં ૨૮,૬૬૪ ટનનો ઘટાડો., 'પીએમ સૂર્યઘર મુફ્ત બીજલી યોજના અંતર્ગત માત્ર ૭ મહિનામાં ૧,૫૯,૩૩૮ લાભાર્થીઓને લાભ., '૧ હજારથી વધુ સી.એન.જી. સ્ટેશનો સાથે ગુજરાત દેશમાં ટોચના ક્રમે., 'દેશના કુલ સી.એન.જી. સ્ટેશનોમાંથી ૧૪ ટકા ગુજરાતમાં., જામનગરના કાલાવડ ખાતે ૫૧.૮૭ કરોડના ખર્ચે ૧૨.૫ મેગાવોટના સોલર પ્રોજેક્ટનું લોકાર્પણ., 'વિશ્વના સૌથી મોટા ૩૭ ગીગાવોટના હાઈબ્રિડ રીન્યૂએબલ પાર્કનું નિર્માણકાર્ય પ્રગતિ હેઠળ., માત્ર ૭ મહિનામાં ગુજરાતના ઘરોમાં ૧.૭૫ લાખથી વધુ ઘરોમાં પીએનજી કનેક્શન્સ., 'ભાવનગરમાં વિશ્વના પ્રથમ ભશયટર્મિનલ, બ્રાઉન ફિલ્ડ પોર્ટનો થયો શિલાન્યાસ.

### ગુજરાતને મળ્યા એવોર્ડ્સ - મારું ગુજરાત, શ્રેષ્ઠ ગુજરાત

"એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ સ્ટેટસ્ટિકસ-૨૦૨૩' અનુસાર યુવાનોને રોજગારી આપવામાં દેશમાં પ્રથમ., GeM પોર્ટલ મારફતે પારદર્શક ખરીદી અંગેની ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાતને સાત એવોર્ડ., એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ ઈન્ડેક્સ (EPI) ૨૦૨૨ના ચાર મુખ્ય પિલર્સમાં એક્સપોર્ટ પર્ફોર્મન્સ પિલરમાં ગુજરાત પ્રથમ., RBI બુલેટિન અનુસાર બેંકો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા ગુજરાતમાં સૌથી વધુ ૮૨ પ્રોજેક્ટ્સને ફંડ પૂરું પાડવામાં આવ્યું., 'ગુજરાત સરકારની 'ગરવી-ગુર્જરી' બની ભારત ટ્રેડમાર્ક બ્રાન્ડ., ઈન્ડિયા એનિમલ હેલ્થ સમિટ-૨૦૨૨ માં ગુજરાતને પશુપાલન સંબંધિત માળખાકીય સુવિધાઓમાં શ્રેષ્ઠ રાજ્યનો એવોર્ડ., વિદ્યા સમીક્ષા કેન્દ્રને જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે પ્રધાનમંત્રી પુરસ્કાર., PMJAY-MA યોજના હેઠળ સૌથી વધુ આયુષ્માન કાર્ડ બનાવવા માટે ભારત સરકાર તરફથી ગુજરાતને 'આયુષ્માન ઉત્કૃષ્ટતા પુરસ્કાર ૨૦૨૨'., ૮ જાન્યુઆરીના રોજ IKF-૨૦૨૩ રિવરફ્રન્ટ અમદાવાદ ખાતે એક સૌથી વધુ દેશના નાગરિકો દ્વારા પતંગ ઉડાવવા માટે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ ., ૭૫મા પ્રજાસત્તાક દિવસની પરેડમાં ગુજરાતનો ટેબ્લો સતત બીજા વર્ષે પીપલ્સ ચોઈસ એવોર્ડમાં પ્રથમ ક્રમે.

---

# ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રહ્મ સમાજનાં ભામાશા રમેશભાઇ શાસ્ત્રીનાં બનેવીનું નિધન

## અમરેલી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રહ્મ સમાજમાં ઘેરો શોક



અમરેલી,અમરેલી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રહ્મ સમાજનાં ભામાશા (મુખ્ય દાતા) શ્રી રમેશભાઈ શાસ્ત્રીનાં બનેવી સ્વ.હર્ષદભાઈ રમણીકભાઈ જોષી ઉ.વ. ૬૧ નું ટુંકી બિમારી બાદ નિધન થતા ઘેરો શોક વ્યાપી ગયો છે. સદ્દગતનું બેસણું તા. ૬ નાં રોજ સુડાવડ ખાતે યોજાયું હતું ત્યારે તેમના દુ:ખમાં સહભાગી થવા આશ્વાસન આપવા ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રહ્મસમાજ પ્રમુખ તનસુખભાઈ ઠાકર, ઉપપ્રમુખ અરવિંદભાઈ જાની, ટ્રસ્ટીઓ બકુલભાઈ પંડ્યા, રમેશભાઈ પંડ્યા, દિલીપભાઈ મહેતા, જવાહરભાઈ ઠાકર તથા તેમના સગા સબંધીઓ, સ્નેહીઓ અને મલયભાઈ મહેતા વગેરે બેસણામાં ઉપસ્થિત રહ્યાં હતાં તે બદલ શાસ્ત્રી રમેશભાઈ ઠાકર અને પરિવારે આભારની લાગણી વ્યકત કર્યાનું અરવિંદભાઈ જાનીદાદાએ જણાવ્યું છે.

## યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ ગાંધીનગર દ્વારા

# દામનગરમાં સાંસ્કૃતિક લોકડાયરો યોજાશે

## દામનગર નગરપાલિકા સંચાલિત ડાયરામાં વિવિધ સંસ્થાઓનો સહયોગ

અમરેલી,

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિ પ્રવૃતિ વિભાગ કમિશ્નર યુવક સેવા સાંસ્કૃતિક બોર્ડ ગાંધીનગરનાં ઉપક્રમે અમરેલી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી સંચાલિત સાંસ્કૃતિ લોકડાયરો તા.૧૩-૯-૨૪ રાત્રે ૯થી ૧૨ સુધી શ્રી ગાયત્રી મંદિર પરિસર દામનગર ખાતે યોજાશે. નગરપાલિકા દામનગર સંચાલિત આ લોકડાયરામાં કલાકારો ડાયરાની જમાવટ કરશે. જેનો લાભ લેવા જણાવાયું છે.

## સુરતમાં પથ્થરમારાની ઘટના બાદ પોલીસ હવે એક્શનમાં

# લીલીયાનાં મામલતદારે બિનઅધિકૃત ખનીજ, રેતીચોરીમાં ડમ્પર પકડી પાડયા

## અમરેલીનાં ભુસ્તર શાસ્ત્રીને રિપોર્ટ કર્યો : પગલા લેવા સુચના અપાઇ



અમરેલી,

બિનઅધિકૃત ખનીજ વાહન અંગે કાર્યવાહી કરવા મામલતદારે ભુસ્તર શાસ્ત્રી ખાણ ખનીજ વિભાગને સુચના આપી છે. ભેસવડી ગામ પાસે જીજે૧૩ એટી ૭૦૩ ને લઈ નિકળતા ડ્રાઈવરનું નામ પુછતા અહેમદ મોગલ બતાવેલ અને રોયલ્ટી પાસ માંગતા રજુ નહીં કરી શકતા વાહનનું લીપ એગ્રી લોજીસ્ટીક પ્રા.લી. લીલીયા મુકામે વજન કરાવતા ૨૬ ટન અને સાદી રેતી હોવાનું બિનઅધિકૃત રીતે વાહન સાથે ૨૩ ટકા સાદી રેતી હોવાથી બિનઅધિકૃત વાહન અંગે કાર્યવાહી કરવા ડમ્પર કબ્જે લીધા છે.

### રાજકોટ સિવિલ હોસ્પિટલમાં એક વૃદ્ધને બહાર નીકાળી મુકતા, બે રેસીડેન્ટ ડોક્ટર સસ્પેન્ડ

(જી.એન.એસ) રાજકોટ,રાજકોટ સિવિલ હોસ્પિટલમાં વૃદ્ધાને બહાર મૂકાયા મામલે તાત્કાલિક પગલા લેવામાં આવ્યા. સિવિલ હોસ્પિટલે આ મામલે તાત્કાલિક પગલા લેતા બે રેસીડેન્ટ ડોકટરને સસ્પેન્ડ કર્યા. સિવિલ હોસ્પિટલે આ મામલે તાત્કાલિક પગલા લેતા બે રેસીડેન્ટ ડોકટરને સસ્પેન્ડ કર્યા.

# શાપર પો. સ્ટે. નાં ગુનામાં બળાત્કારી પાલક પિતાની ચાર્જશીટ બાદ જામીન અરજી નામંજૂર

## ભોગ બનનાર તરફે એડવોકેટ એમ. એચ. ચાવડાની દલીલો ગ્રાહ્ય રાખી



પ્રતાપપરા, (ગીરીન્યુઝ)

શાપર પોલીસ મથકનાં કલમ ૩૭૬, ૩૫૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) તથા પોક્સો એક્ટનાં ગુનાનાં કામે આરોપી પાલક પિતા હરેશભાઈ રાણાભાઈ સોલંકીને પોલીસે અટક કરતા આરોપી દ્વારા ગોંડલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ સમક્ષ રેગ્યુલર જામીન અરજી કરતા ભોગ બનનાર તરફે લેખિત વાંધા જવાબ રજુ કરી જામીન અરજી નામંજુર કરવા ધારદાર દલીલ કરતા અરજદાર પાલક પિતાની જામીન અરજી નામંજુર કરી હતી. ત્યાર બાદ તપાસ પુર્ણ થતા ચાર્જશીટ રજુ થતા આરોપી દ્વારા ચાર્જશીટ બાદની જામીન અરજ નામદાર કોર્ટમાં રજુ કરતા ભોગબનનાર ફરિયાદી તરફે વકિલ શ્રી એમ.એચ.ચાવડા તથા જે.એમ.દાફડા, કે.ડી.રાઠોડ દ્વારા લેખિત વાંધા જવાબ રજુ કરી તેમજ જામીન અરજી નામંજુર કરવા ધારદાર દલીલો રજુ કરતા કોર્ટે દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીની જામીન અરજી નામંજુર કરી હતી.

# નેશનલ સ્પોર્ટસ ડે અંતર્ગત અમરેલીમાં ગર્લ્સ હોકી સ્પર્ધા યોજાઇ

અમરેલી,

નેશનલ સ્પોર્ટ્સ ડે અંતર્ગત 'બેટી બચાઓ બેટી પઢાઓ' અન્વયે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા મહિલા અને બાળ કચેરી અમરેલી સેલ દ્વારા હોકી સ્પર્ધા યોજાઈ હતી. 'બેટી બચાઓ બેટી પઢાઓ' યોજનાના અસરકારક અમલીકરણના ઉદ્દેશ સાથે યોજાયેલ સ્પર્ધામાં કિશોરીઓને 'બેટી બચાઓ બેટી પઢાઓ' ના સિમ્બોલ વાળા ટી-શર્ટ અને ટોપીનું વિતરણ અને શરુઆત પૂર્વે યોજનાકીય માહિતી આપવામાં આવી હતી. રમતગમત ક્ષેત્રે દીકરીઓ આગળ વધી દેશનું નામ રોશન કરે તેમજ સશક્ત અને સફળ બને માટે જિલ્લા કક્ષાએ સકારાત્મક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

સ્પર્ધામાં ઘહ્રઈઉ યોજનાના જિલ્લા મિશન કો-ઓર્ડિનેટર હસમુખભાઈ, સખી વન સ્ટોપ સેન્ટરના મનિષાબેન, પી.બી.એસ.સી અમરેલીના કાઉન્સેલર રોશનીબેન સહિતના ઉપસ્થિત રહ્યા હતા, તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો. ૯૦૩૩૨ ૬૦૦૫૨

બે માળનું મકાન વેચવાનું છે
રેલ્વે સ્ટેશન સામે, જીવન મુક્તેશ્વર મંદિર પાસે, સરદાર પટેલ સોસાયટી, અમરેલી
ચાર વસા જમીનમાં, ૨૦૦ ફુટનો દાર, ગેસ કનેકશન સહિત સંપુર્ણ સગવડતા ધરાવતુ બે માળનું મોકાનું મકાન કસમાં વેચવાનું છે
સંપર્ક :- મો. ૯૪૨૯૪ ૧૫૯૮૫

## જાહેર નોટીસ કમ ચેતવણી

અમો મયુરભાઇ બી.દેસાઇ (એડવોકેટ) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે, મારા અસીલે અમરેલી જિલ્લાના કુંકાવાવ - વડીયા તાલુકાના તોરી ગામની નીચેના પરિશિષ્ટમાં બતાવેલ ખેતીની જમીનના માલીક પાસેથી ખરીદ કરવા નક્કી કરેલ છે, સદરહુ ખેતીની જમીન વેચાણ વ્યવહાર સબંધે કોઇને કોઇનો માલીકી હક્ક, કબજા, ટાઇટલ કે અન્ય કોઇપણ પ્રકારનો વાંધો તકરાર, હક્ક, હિત, હિસ્સો, લાગ-ભાગ, બોજો તથા અન્ય કોઇનો કબજો, ભોગવટો, માલીકી હક્ક હોય તેમણે આજથી ૧૦ (દસ) દિવસમાં આધાર પુરાવા સાથે નીચેના સરનામે અમોને લેખીત જાણ કરવી જેમાં કસુર થયે કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી અને હશે તો તે જતો (WAIVE) કરેલ છે. કે અગ્ર હક્ક કરેલો નથી તેમ માની મારા અસીલ સદરહુ મિલ્કત ટાઇટલ કિલીયર ગણી અવેજ ચુકવી મારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે.

-:: પરિશિષ્ટ ૧ ::-

| ક્રમ | જમીન ધારકનું નામ | ખાતા નંબર | સર્વે નંબર | હે.આરે.ચો.મી.ક્ષેત્રફળ | ગામ |
|---|---|---|---|---|---|
| ૧ | સાવલીયા બાબુભાઇ નારણભાઇ<br>કૈલાસબેન બાબુભાઇ સાવલીયા<br>રમાબેન બાબુભાઇ સાવલીયા | ૧૦૨ | ૧૫૬ પૈકી ૧ | ૧-૬૪-૯૧ | તોરી |

તારીખ : ૧૩-૦૯-૨૦૨૪
સ્થળ : વડીયા

સરનામું :- દેસાઇ કન્સલ્ટન્સી, મયુરભાઇ બી.દેસાઇ (એડવોકેટ) ગુજરાત હાઇકોર્ટ સુરગપરા, મેઇન બજાર, મુ.વડીયા, જી.અમરેલી - ૩૬૫૪૮૦

### આંતરરાષ્ટ્રિય સહકારીતા વર્ષ ઉજવણી અંતર્ગત

# દિલ્હીમાં જેરોન ડગ્લાસનું સન્માન કરતા શ્રી દિલીપ સંઘાણી

## દિલ્હી ખાતે તા. ૨૫ થી ૩૦ નવેમ્બરનાં યોજાશે ગ્લોબલ કોન્ફરન્સ જેના આયોજન અંગે એનસીયુઆઇનાં હેડ ક્વાર્ટર ખાતે મહત્વની બેઠક યોજાઇ

## ડો. ચંદ્રપાલસિંહ યાદવ, ડો. બ્રિજેન્દ્રસિંહ, ડો. સુનિલકુમારસિંહ, શ્રી રામ ઇક્બાલસિંહ, શ્રી ભીમા સુબ્રમણ્યમ, ડો. સુધીર મહાજન, શ્રી બાલુ ઐયદ, સાવિત્રીસિંહની ઉપસ્થિતી

અમરેલી, સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ - ૨૦૨૫ ને રાષ્ટ્રિય-આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ તરીકે ઘોષિત કરવામા આવેલ હોઈ, ભારતના યજમાન પદે આઈ.સી.એ. ગ્લોબલકોન્ફરન્સદેશના

પાટનગર દિલ્હી આગામી ૨૫-૩૦ નવેમ્બરના રોજ યોજશે પ્રસ્તુત કાર્યક્રમ અંતર્ગત નવી દિલ્હી મુકામે એન.સી.યુ.આઈ.હેડ ક્વાટર ખાતે દિલીપ સંઘાણીની અધ્યક્ષતામા મીટીંગનું આયોજન કરવામા આવેલ જેમા આઈ.સી.એ.ના ડાયરેકટર શ્રી જેરોન ડગ્લાસનું અભિવાદન કરવામા આવેલ હતું. વિકાસશીલ યોજનાઓ સાથે કામ કરી રહેલ સહકાર તાલીમ, યોજનાઓનું અમલીકરણ, જનજાગૃતિ સેમીનાર વિગેરેને વૈશ્વિકસ્તરે મૂક્વા અને આપૂર્તિ માટે વર્તમાન અને ભાવિ આયોજનો અનેક દેશોના રાષ્ટ્રિય સ્તરે યોજાય છે. ભારતના યજમાન પદે આઈ.સી.એ. ગ્લોબલકોન્ફરન્સદેશના

પાટનગર દિલ્હી ખાતે આગામી ૨૫- રોજ યોજનાર હોઈ, આયોજન અંગેની મહત્વપૂર્ણ મીટીંગ યોજાયેલ જેમા ICA (AP) ના પ્રમુખ ડો.ચંપાલસિંહ NCUI, વાઈસ પ્રેસીડેન્ટ ડો. બિજેન્દ્રસિંહ, વરિષ્ઠ નેતા ડો.સુનિલકુમાર સિંહ, શ્રી રામઈકબાલ સિંહ, NCBA પ્રમુખ અને NAFSCOB ના MD શ્રી ભીમા સુબ્રમણયમ, ICA (AP)ના પ્રાદેશિક નિયામક શ્રી અય્યર, NCUI ના CEO ડો. સુધીર મહાજન, NCUI ના DY.CEO સાવિત્રી સિંહ અને ભારતમાં ICA ના સભ્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા તેમ યાદીમા છે.

---

### ગાયત્રી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા

# ચલાલામાં નેત્ર, દંત, સર્વરોગ કેમ્પ યોજાયો

## ૧૫૩ દર્દીઓ નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, તથા સર્વરોગ સારવાર કેમ્પનો લાભ લીધો

ચલાલા, ચલાલા અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૭૦મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો હતો. જેમાં શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક શ્રી આયુષ - ગાંધીનગર તથા આયુર્વેદ શાખા જીલ્લા પંચાયત અમરેલી, તથા સરકારી આયુર્વેદ દવાખાનું - સરસીયા તથા સરકારી હોમીયોપેથી દવાખાનું - જાળિયા ના સંયુક્ત ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંભ મંગલ દિપપ્રાગટ્યથી થયો હતો આ પ્રસંગે સંસ્થાના વડા પુ.શ્રી.ડો.રતિદાદા, તથા ડોકટરશ્રીઓ દ્વારા દિપ પ્રગટ્ય કરવામાં આવ્યું હતું.પુ.શ્રી ડો. રતિદાદા એ બધાને સારૂ થઈ જાય પછી બીજા નું ભલું કરવું તેવી ભગવાન ને પ્રાર્થના કરી હતી. સાથે વ્યસન મુક્ત રહેવું, સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી-મળીને રહેવું.સ્વ. હંસાબેન રામજીભાઈ ભાયાણી હસ્તે. ભાયાણી પરિવાર યુ.કે. ના આર્થીક સહયોગ થી શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ - રાજકોટ અને જીલ્લા અંધત્વનિવારણ સમિતિ અમરેલીના સહયોગ થી આ નેત્રયજ્ઞ માં આંખ ના દર્દીઓની ચકાસણી ડો. વાઘેલાસાહેબે કરી હતી. જેપૈકી ૩ ઉપદર્દીઓને શ્રી રણછોડદાસબાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. દંતયજ્ઞમાં ડો. અવનીબેન દ્વારા અનેક દર્દીઓને દાંત કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી. આયુર્વેદિક કેમ્પ માં ડો. હેતલબેન એ બધા દર્દીઓને તપાસ કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી. દીકરીઓ માટે હરિબા મહિલા આર્ટસ, કોમર્સ, બી.સી.એ. કોલેજ ચાલુ છે જેનું પ્રવેશ કાર્ય શરૂ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ, સેવા અને જાહેર સુખાકારી શ્રેત્રે એવોર્ડ વિજેતા મંજુબા તથા શીતલબેન વગેરે ખુબ જહેમત ઉઠાવી હતી.

---

### ધારાસભ્યશ્રી જેવી કાકડીયાની રજુઆતથી

# ભાડથી નાના વિસાવદર ગામનાં પાટીયા સુધી અને કડાયા શાપર રોડ રૂા.૧૦૪૫.૦૦ નાં ખર્ચે બનશે

## મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે મંજુરી આપી જોબ નંબર ફાળવ્યાં

અમરેલી, બગસરા, ધારી વિસ્તારનાં ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયાની રજુઆતથી માર્ગ મકાન વિભાગ દ્વારા ધારી વિસ્તારનાં રસ્તાઓ માટે રજુઆત થતા ભાડથી નાના વિસાવદરનાં પાટીયા સુધી રોડ માટે ૨૯૫.૦૦ અને કડાયા શાપર રોડ માટે ૮૫૦.૦૦ મળીને કુલ ૧૦૪૫.૦૦ રૂપિયા મંજુર કરી મુખ્ય મંત્રીએ જોબ નંબર ફાળવી દીધાનું જણાવ્યું છે.

---

# કાગવડનાં ખોડલધામ મંદિરે સ્ટાફ દ્વારા ગણપતિ મહોત્સવ

## ગણપતિબાપાને છપ્પન ભોગ અન્નકુટ ધરવામાં આવ્યો

રાજકોટ, રાજકોટ જિલ્લા કાગવડમાં ખોડલધામ સૌરાષ્ટ્રનું પ્રવાસન ધામ બની ગયેલ છે. ત્યારે નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ખોડલધામ મંદિર સ્ટાફ દ્વારા ગણેશ ચતુર્થીના દિવસે ગણેશ સ્થાપન વિશાળ પંડાળમાં કરવામાં આવેલ છે. અને છપ્પન ભોગ અન્નકુટ ગણપતિ બાપાને ધરાવામાં આવ્યો હતો. ભકતો માતાજીની સાથે ગણપતિ બાપાના દર્શન કરવા ઉમટી પડયા હતાં.

---

# જુનાગઢમાં ગણેશ વિસર્જન દરમિયાન એક યુવાન ડુબ્યો

(જી.એન.એસ)જૂનાગઢ, જૂનાગઢમાં ગણેશ ઉત્સવ દરમ્યાન મોટી દુર્ઘટના બનવા પામી. જૂનાગઢના ખોડીયારમાં ગણેશ વિસર્જન સમયે એક યુવાન પાણીમાં ડૂબ્યો. જૂનાગઢ માં ગણેશ ઉત્સવ દરમ્યાન મોટી દુર્ઘટના બનવા પામી. જૂનાગઢના ખોડીયારમાં ગણેશ વિસર્જન સમયે એક યુવાન પાણીમાં ડૂબ્યો. યુવાન પાણીમાં ડૂબતા તાત્કાલિક એસ.ડી.આર.એફ અને ફાયર વિભાગે તેની શોધખોળ આદરી. પ્રાપ્ત વિગત મજુબ જૂનાગઢના ખોડીયાર ધુનામાં ગણેશ વિસર્જન વખતે દુઃખદ ઘટના બની. ખોડીયાર ધુનામાં રહેતા ૨૪ વર્ષીય યુવાન ગણેશ વિસર્જન કરવા ગયો અને મોત મળ્યું.

---

### અમર લોકથી આવ મારા સાયર મેઘાણી...

# બગસરામાં મેઘાણી જયંતિ નિમિતે લોકડાયરો યોજાયો

## ગુજરાત સંગીત નાટક અકાદમી ગાંધીનગરના સહયોગથી આયોજન

બગસરા, (રૂપેશ રૂપારેલિયા)બગસરામાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી રાષ્ટ્રીય શાયરશ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૮મી જન્મ જયંતી ઉજવણી નિમિત્તે સાંસ્કૃતિક લોકડાયરો નું આયોજન થયેલ.જેમાં લોકગાયક અલ્પાબેન પટેલને મેઘાણી લોકગાયક સન્માન ૨૦૨૪ એવોર્ડ મેઘાણી લોકગાયક સન્માન સમિતિ વતી પ્રદીપભાઈ ભાખર દ્વારા એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો. તેમજ વિમલભાઈ મહેતા ને બગસરા શહેર ભાજપ ટિમ તેમજ પ્રમુખશ્રી ધીરૂભાઈ કોટડીયા દ્વારા સિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું.કાર્યક્રમ ઉપસ્થિત અમરેલી લોકસભાના સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા તેમજ અમરેલી જિલ્લા ભાજપ મંત્રી શ્રી મનોજભાઈ મહીડા તેમજ બગસરા શહેર ભાજપ પ્રમુખ શ્રી ધીરુભાઈ કોટડીયા તેમજ બગસરા તાલુકા ભાજપ પ્રમુખશ્રી પ્રદીપભાઈ ભાખર તેમજ શ્રી મેઘાણી હાઈસ્કુલ પ્રિન્સિપાલ શ્રી જેઠવા તેમજ બગસરા નગરપાલિકા પ્રમુખશ્રી એ. વી. રીબડિયા તેમજ બગસરા શહેર મહામંત્રી શ્રી અશોકભાઈ પંડ્યા તેમજ ભાવેશભાઈ મસરાણી તેમજ બગસરા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી બાબુભાઈ બકરાણીયા ઉપપ્રમુખ શ્રી હસમુખભાઈ બાબરીયા, બગસરા તાલુકા પંચાયત સદસ્ય શ્રી અશ્વિનભાઈ કોરાટ, કાંતિભાઈ વેકરીયા, વિપુલભાઈ ભેસાણીયા તેમજ સૌરાષ્ટ્ર શરાફી બેંકના ચેરમેન શ્રી અનિલભાઈ વેકરીયા તેમજ મુન્નાભાઈ ડોડીયા તેમજ ડો. કામલીયા તેમજ બગસરા તાલુકાના સરપંચશ્રીઓ તેમજ ભારતીય જનતા પાર્ટીના બગસરા શહેર તેમજ બગસરા તાલુકાના કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતાં.

---

### જાહેર નોટીસ કમ ચેતવણી

અમો મયુરભાઇ બી.દેસાઇ (એડવોકેટ) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે, મારા અસીલે અમરેલી જિલ્લાના કુંકાવાવ - વડીયા તાલુકાના ખજુરી પીપલીયા ગામની નીચેના પરિશિષ્ટમાં બતાવેલ ખેતીની જમીનના માલીક પાસેથી ખરીદ કરવા નક્કી કરેલ છે, સદરહુ ખેતીની જમીન વેચાણ વ્યવહાર સબંધે કોઇને કોઇનો માલીકી હક્ક, કબજા, ટાઇટલ કે અન્ય કોઇપણ પ્રકારનો વાંધો તકરાર, હક્ક, હિત, હિસ્સો, લાગ-ભાગ, બોજો તથા અન્ય કોઇનો કબજો, ભોગવટો, માલીકી હક્ક હોય તેમણે આજથી ૧૦ (દસ) દિવસમાં આધાર પુરાવા સાથે નીચેના સરનામે અમોને લેખીત જાણ કરવી જેમાં કસુર થયે કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી અને હશે તો તે જતો (WAIVE) કરેલ છે. કે અગ્ર હક્ક કરેલો નથી તેમ માની મારા અસીલ સદરહુ મિલ્કત ટાઇટલ કિલીયર ગણી અવેજ ચુકવી મારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે.

**-:: પરિશિષ્ટ ૧ ::-**

| ક્રમ | જમીન ધારકનું નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી.ક્ષેત્રફળ | ગામ |
|---|---|---|---|---|---|
| ૧ | કાછડિયા પ્રાગજીભાઇ ભીખાભાઇ | ૧૨૨ | ૧૩૫/૧ | ૦-૪૮-૫૬ | ખજુરી પીપળીયા |
| ૨ | કાછડિયા અરવિંદભાઇ ભગવાનભાઇ | ૨૮૭ | ૧૩૫/૨ | ૦-૪૮-૫૬ | ખજુરી પીપળીયા |
| ૩ | કાછડિયા પોપટભાઇ જેરામભાઇ વિગેરે | ૫૯૨ | ૧૩૫/૩ | ૦-૮૨-૯૭ | ખજુરી પીપળીયા |

તારીખ : ૧૩-૦૯-૨૦૨૪
સ્થળ : વડીયા

સરનામું :- દેસાઇ કન્સલ્ટન્સી, મયુરભાઇ બી.દેસાઇ (એડવોકેટ) ગુજરાત હાઇકોર્ટ સુરગપરા, મેઇન બજાર, મુ.વડીયા, જી.અમરેલી - ૩૬૫૪૮૦

---

### શ્રી નેસડી-૨ સેવા સહકારી મંડળી લી.

મુ.નેસડી-૨ તા.ખાંભા, જી.અમરેલી

**વાર્ષિક સાધારણ સભા સુચના પત્ર**

શ્રી નેસડી-૨ સેવા સહકારી મંડળી લી., મુ.નેસડી-૨ ની વાર્ષિક સાધારણ સભા તા.૧૩-૦૯-૨૦૨૪ ને શુક્રવારના રોજ સમય : સાંજે ૫:૩૦ કલાકે, શ્રી નેસડી-૨, પ્રાથમિક શાળાના સ્થળે રાખવામાં આવેલ હતી, અને તા.૧૩-૦૯-૨૦૨૪ ના રોજ રાખવામાં આવેલ વાર્ષિક સાધારણ સભા અનિવાર્ય સંજોગોના કારણે હવે પછી તા.૩૦-૦૯-૨૦૨૪ ને સોમવારના રોજ બપોરના ૩:૦૦ કલાકે મંડળીના પ્રમુખ શ્રી વિનુભાઇ રવજીભાઇ રૈયાણીનાં નિવાસ સ્થાને નીચે મુજબના કામો માટે મળશે. જેમાં દરેક સભાસદોને સમયસર હાજર રહેવા વિનંતી. આ બાબતની તમામ સભાસદોએ નોંધ લેવા વિનંતી.

**કાર્યસુચિ**

(૧) આજની સભાના અધ્યક્ષની વરણી પેટાનિયમ મુજબ કરવા બાબત. (૨) ગત વાર્ષિક / ખાસ સાધારણ સભાની કાર્યવાહીની નોંધ વંચાણે લઇ બહાલી આપવા બાબત. (૩) તા.૩૧-૩-૨૦૨૪ આખરનું વ્ય.કમિટીએ મંજુર રાખેલ સરવૈયુ, નફા નુકશાન ખાતાના હિસાબો અને અહેવાલને બહાલી આપવા બાબત. (૪) તા.૩૧-૩-૨૦૨૪ ના રોજ પુરા થયેલ વર્ષ સને.૨૦૨૩-૨૪ ના ચોખ્ખા નફાની ફાળવણીની વ્ય.કમિટીએ કરેલ ભલામણને બહાલી આપવા બાબત. (૫) સને.૨૦૨૪-૨૫ ના વર્ષનું બજેટ ધંધાકીય વિકાસ કાર્યક્રમ (B.D.P.) નક્કી કરવા બાબત. (૬) આપણી મંડળીના થયેલ ઓડીટ / ઇન્સપેક્શન મેમો નોંધની કરેલ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઇ મંજુર રાખવા બાબત. (૭) ગત વર્ષ દરમિયાન વ્યવસ્થાપક કમિટીએ કરેલ કામગીરીની સમીક્ષા કરવા બાબત. (૮) મંડળીના કર્મચારીઓના મહેકમ - મહેનતાણા નક્કી કરવા બાબત. (૯) મંડળીના કર્મચારીઓના જામીનની હૈયાતી તથા સધ્ધરતા અંગેની ખરાઇ અંગેના ઠરાવ કરી બહાલી આપવા બાબત. (૧૦) મંડળીની હાથ પરની સિલક / મર્યાદા, ડેડ સ્ટોક, દફતર, માલસ્ટોક વિગેરેની જવાબદારી નક્કી કરવા બાબત. (૧૧) બહારથી કરવાના કર્જની હદ મુકરર કરવા બાબત. (૧૨) મંડળીના સભાસદોની સામાન્ય / પરમાવધી શાખ મંજુર કરવા અંગે. (૧૩) પેટાનિયમના સુધારાને બહાલી આપવા બાબત. (૧૪) સને.૨૦૨૪-૨૫ પુર્ણ થતી વ્યવસ્થાપક કમિટીની વરણી કરવા બાબત. (૧૫) પ્રમુખ સ્થાનેથી રજુ થાય તે.

નોંધ :- કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અર્ધા કલાક બાદ ફરીથી તે જ સ્થળે મળશે. જેમાં કોરમનો બાદ રહેશે નહી અને આ સભામાં થયેલ કામકાજ કાયદેસર ગણાશે.

મંત્રી
શ્રી નેસડી-૨
સેવા સહકારી મંડળી લી.

---

### -:: જાહેર નોટીસ ::-

આથી આ જાહેર નોટીસથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મોજે ખડકાળા ગામે આવેલ સ.નં.૧૪૦/૩ ની હેક્ટર ૦-૫૬-૬૬ આરે. તથા સ.નં. ૧૪૨/૧ પૈકી ૧ ની હેક્ટર ૦-૭૦-૮૨ આરે. તથા સ.નં. ૧૪૩ ની હેક્ટર ૧-૫૨-૭૭ આરે. તથા સ.નં. ૧૪૪/૩ ની હેક્ટર ૦-૩૪-૪૦ આરે. ખાતા નં. ૫૮૪ વાળી સીમની ખેતીની જમીન રેવન્યુ રેકર્ડમાં ઠુમ્મર નાગજીભાઇ હેમાભાઇના નામથી નોંધાયેલ છે અને તેમના માલીકી હક્કમાં ચાલે છે. સદરહુ સીમની ખેતીની જમીન અમારા અસીલ ખરીદ કરવા માંગતા હોય, સદરહુ સીમની ખેતીની જમીન અંગે કોઇપણ બેંક, સંસ્થા કે વ્યક્તિનો કોઇપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, ગીરો, કબજો, બક્ષીસ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૧૨ માં અમો નીચે સહી કરનાર પાસે લેખીતમાં રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઇના તરફથી કોઇ વાંધા તકરાર રજુ થશે નહી તો સદરહુ સીમની ખેતીની જમીન પરત્વે કોઇને વાંધા તકરાર છે નહી અને હોય તો તે સ્વેચ્છાએ જતા (WAVE) કરેલ છે તેમ માની અમારા અસીલ સદરહુ સીમની ખેતીની જમીનનો કાયદેસરનો અવેજ ચુકવી અમારા અસીલ વેચાણ દસ્તાવેજો સબરજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવી કરાવી લેશે. ત્યાર બાદ કોઇના કોઇપણ જાતના વાંધા તકરાર રજુ થશે તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેશો.

તારીખ : ૧૨-૦૯-૨૦૨૪

અસીલની સુચનાથી
દેવેન્દ્રભાઇ સી.ખંભોલીયા - એડવોકેટ
ફોરવર્ડ શોપીંગ સેન્ટર, દુકાન નં.૧૩, સિવીલ હોસ્પિટલ રોડ, અમરેલી મો.નં.૯૮૨૫૫ ૨૭૧૦૧

---

### -:: જાહેર નોટીસ ::-

આથી આ જાહેર નોટીસથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મોજે ખડકાળા ગામે આવેલ સ.નં.૧૩૬ પૈકી ૧ ની હેક્ટર ૦-૯૬-૧૧ આરે. તથા સ.નં. ૧૩૬ પૈકી ૨ ની હેક્ટર ૦-૯૬-૧૧ આરે. તથા સ.નં. ૧૩૬ પૈકી ૩ ની હેક્ટર ૦-૯૬-૧૧ આરે. તથા સ.નં. ૧૩૬ પૈકી ૪ ની હેક્ટર ૧-૪૪-૬૮ આરે. ખાતા નં. ૫૬૧ વાળી સીમની ખેતીની જમીન રેવન્યુ રેકર્ડમાં ગોયાણી રાજેન્દ્રભાઇ ચતુરભાઇના નામથી નોંધાયેલ છે અને તેમના માલીકી હક્કમાં ચાલે છે. સદરહુ સીમની ખેતીની જમીન અમારા અસીલ ખરીદ કરવા માંગતા હોય, સદરહુ સીમની ખેતીની જમીન અંગે કોઇપણ બેંક, સંસ્થા કે વ્યક્તિનો કોઇપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, ગીરો, કબજો, બક્ષીસ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૧૨ માં અમો નીચે સહી કરનાર પાસે લેખીતમાં રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઇના તરફથી કોઇ વાંધા તકરાર રજુ થશે નહી તો સદરહુ સીમની ખેતીની જમીન પરત્વે કોઇને વાંધા તકરાર છે નહી અને હોય તો તે સ્વેચ્છાએ જતા (WAVE) કરેલ છે તેમ માની અમારા અસીલ સદરહુ સીમની ખેતીની જમીનનો કાયદેસરનો અવેજ ચુકવી અમારા અસીલ વેચાણ દસ્તાવેજો સબરજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવી કરાવી લેશે. ત્યાર બાદ કોઇના કોઇપણ જાતના વાંધા તકરાર રજુ થશે તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેશો.

તારીખ : ૧૨-૦૯-૨૦૨૪

અસીલની સુચનાથી
દેવેન્દ્રભાઇ સી.ખંભોલીયા - એડવોકેટ
ફોરવર્ડ શોપીંગ સેન્ટર, દુકાન નં.૧૩, સિવીલ હોસ્પિટલ રોડ, અમરેલી મો.નં.૯૮૨૫૫ ૨૭૧૦૧

---

### -:: જાહેર નોટીસ ::-

આથી આ જાહેર નોટીસથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મોજે ખડકાળા ગામે આવેલ સ.નં.૧૩૫ પૈકી ૧ ની હેક્ટર ૧-૫૩-૭૮ આરે. તથા સ.નં. ૧૩૫ પૈકી ૨ ની હેક્ટર ૧-૫૩-૭૮ આરે. તથા સ.નં. ૧૩૫ પૈકી ૩ ની હેક્ટર ૦-૯૧-૦૬ આરે. તથા સ.નં. ૧૩૫ પૈકી ૪ ની હેક્ટર ૦-૯૨-૦૭ આરે. તથા સ.નં. ૧૩૫ પૈકી ૬ ની હેક્ટર ૦-૯૨-૦૭ આરે. તથા સ.નં. ૧૩૫ પૈકી ૭ ની હેક્ટર ૩-૬૭-૨૫ આરે. તથા સ.નં. ૧૩૫ પૈકી ૫ ની હેક્ટર ૦-૯૨-૦૭ આરે. તથા સ.નં. ૧૪૦/૧ ની હેક્ટર ૧-૦૪-૦૧ આરે. તથા સ.નં. ૧૪૧ પૈકી ૧ ની હેક્ટર ૧-૦૫-૨૨ આરે. તથા સ.નં. ૧૪૨/૨ પૈકી ૩ ની હેક્ટર ૧-૫૭-૮૩ આરે. તથા સ.નં. ૧૪૪/૪ ની હેક્ટર ૦-૬૧-૭૧ આરે. ખાતા નં. ૫૮૩ વાળી સીમની ખેતીની જમીન રેવન્યુ રેકર્ડમાં સોનાણી વિજયભાઇ વલ્લભભાઇના નામથી નોંધાયેલ છે અને તેમના માલીકી હક્કમાં ચાલે છે. સદરહુ સીમની ખેતીની જમીન અમારા અસીલ ખરીદ કરવા માંગતા હોય, સદરહુ સીમની ખેતીની જમીન અંગે કોઇપણ બેંક, સંસ્થા કે વ્યક્તિનો કોઇપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, ગીરો, કબજો, બક્ષીસ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૧૨ માં અમો નીચે સહી કરનાર પાસે લેખીતમાં રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઇના તરફથી કોઇ વાંધા તકરાર રજુ થશે નહી તો સદરહુ સીમની ખેતીની જમીન પરત્વે કોઇને વાંધા તકરાર છે નહી અને હોય તો તે સ્વેચ્છાએ જતા (WAVE) કરેલ છે તેમ માની અમારા અસીલ સદરહુ સીમની ખેતીની જમીનનો કાયદેસરનો અવેજ ચુકવી અમારા અસીલ વેચાણ દસ્તાવેજો સબરજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવી કરાવી લેશે. ત્યાર બાદ કોઇના કોઇપણ જાતના વાંધા તકરાર રજુ થશે તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેશો.

તારીખ : ૧૨-૦૯-૨૦૨૪

અસીલની સુચનાથી
દેવેન્દ્રભાઇ સી.ખંભોલીયા - એડવોકેટ
ફોરવર્ડ શોપીંગ સેન્ટર, દુકાન નં.૧૩, સિવીલ હોસ્પિટલ રોડ, અમરેલી મો.નં.૯૮૨૫૫ ૨૭૧૦૧

---

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
Alpha Autolink
મારૂતિ સુઝુકી
(ઓથોરાઇઝ્ડ ડીલર)
લાઠી રોડ બાયપાસ
અમરેલી

વોટરકુલર - વોટરડીસ્પેન્સર
૨૪ વર્ષનો બહોળો અનુભવ...
દરેક પ્રકારનાં વોટરકુલર બનાવવા જોવા માટે આજે જ પધારો
તેમજ VOLTAS અને BLUE STAR
કંપનીનાં વોટરકુલર અને ડીસ્પેન્સર મળશે
તુલસી રેફ્રીજરેશન
છુટક તેમજ હોલસેલ ખરીદવા માટે..
દુ. ૬/૭ - ઓપેરાહાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી
મો. ૯૪૨૬૨ ૮૭૦૯૭

www.headway.guru
9081241916
SUVARNA SAUBHAGYA UTSAV 2024
અરે... વાહ...
૯,૯૯૯ થી ૯૯,૯૯૯
સુધીના કરોડોના ઈનામો!
હા, સાચું વાંચ્યું.
માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર કરોડોના ઈનામો.
તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.
ઓફર ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ સુધી જ લાગુ.
MGA મધુવન ગોલ્ડ આર્ટ
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી.
02792 - 222208, 94264 23006
madhuvangold.in

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૧૩-૦૯-૨૦૨૪ શુક્રવાર

# મોદીને આંતરરાષ્ટ્રીય શાંતિ પારિતોષિક જોઈએ છે એટલે યુક્રેન અને રશિયા વચ્ચે મધ્યસ્થીનો મોહ છે

યુક્રેનિયન પ્રજા કાતિલ ઠંડીમાં થરથર કંપી રહી છે કારણ કે બધા રૂમ હીટર બંધ છે. રશિયાએ વિદ્યુત માળખાઓ પર ખતરનાક મિસાઈલો દાગી છે. નવા ડ્રોન હુમલાઓમાં અનેક વધુ નાગરિકોની જાનહાનિ થઈ છે. યુક્રેન અને રશિયા વચ્ચેનો ગજગ્રાહ હવે અનિયત ઓક્ટોપસ જેવો થઈ ગયો છે. એના અનેક છેડા છે અને એના ઘટનાક્રમની ગતિ પણ સીધી રેખા જેવી નથી. મૂળભૂત રીતે આ સંઘર્ષ અમેરિકાના જગત જમાદાર તરીકેના પદ પરના રિપ્લેસમેન્ટનો છે. મોદીને આંતરરાષ્ટ્રીય શાંતિ પારિતોષિક જોઈએ છે એટલે યુક્રેન અને રશિયા વચ્ચે મધ્યસ્થીનો મોહ છે. અત્યારે વડાપ્રધાને અજિત ડોભાલને રશિયા અભિમુખ કર્યા છે પણ એમાં કાંઈ વળવાનું નથી. કારણ કે વૈમનસ્ય બહુ આગળ વધી ગયું છે.

અગાઉ અનેક પ્રસંગોએ ચીન પોતાની સર્વોપરિતા પુરવાર કરવા માટે કીડી ચડેલા સાપની જેમ માથા પછાડી ચૂક્યું છે છતાં અમેરિકાની સર્વોચ્ચતાને હણી શક્યું નથી. હવે રશિયાએ પોતાની તાકાતનું આંતરરાષ્ટ્રીય પ્રદર્શન શરૂ કર્યું છે. પરંતુ પુતિન ખુદ પણ અમેરિકાથી ડરી ડરીને આગળ વધી રહ્યા છે. ઉત્તર કોરિયાને મહોરું બનાવીને ચીને અનેકવાર અમેરિકાને પડકાર્યું છે પણ એનું કોઈ પરિણામ આવ્યું નથી. છતાં આ વખતની રશિયાની ચાલબાજી એક માસ્ટર ગેઈમ છે.

રશિયાના ટુકડા થયા ત્યારે બધાએ માની લીધું કે રશિયન વિચારધારાના પણ ખંડ-વિ-ખંડ થઈ ગયા છે. દુનિયાને પછીથી બહુ ઝડપથી જો કે ખ્યાલ આવી ગયો હતો કે સામ્યવાદના મૂળમાં છુપાયેલો મૂડીવાદી સામ્રાજ્યવાદ હજુય રશિયાના આત્મા તરીકે છે. છેલ્લા કેટલાક દિવસથી અમેરિકા ષણમુખી વાર્તાલાપ કરે છે. એણે રશિયાને ધમકી આપી પણ માત્ર પોતાના નાગરિકોની સુરક્ષા માટે. નાટો દેશોના સંગઠક પ્રવક્તા પણ સતત ફરતું ફરતું બોલે છે.

યુક્રેનના વડાપ્રધાન આંખે પાટા બાંધીને સરહદ પર ભટકતા હોય એવું ચિત્ર છે. કારણ કે તેઓ સ્પષ્ટ રીતે જાણતા નથી કે તેમની મદદમાં હવેની અંતઘડીએ કોણ કેવી રીતે આવશે. અમેરિકા સહિતના વિવિધ દેશોએ યુક્રેનને મોકલેલી લશ્કરી કુમક નહિ જેવી અને હાસ્યાસ્પદ નીવડી છે. ચારેબાજુથી સહસ્ત્ર ફેણે શત્રુ તરીકે ફૂંફાડા મારતા રશિયા સામે યુક્રેન પહોંચેલી વિદેશી કુમકનું કોઈ મૂલ્ય નથી. ભારત રશિયાનું પ્રાચીન મિત્ર છે અને એ મિત્રતા હમણાં જ અપડેટ થયેલી છે. એટલે ભારતે અલિપ્તતા જાળવી છે.

જે રીતે ચીનની ચાલાકીઓ છાની રહી શકી નથી અને પ્રગટ થઈ જાય છે એ રીતે રશિયા પણ હવે કોઈ અભેદ્ય કવચમાં છુપાઈ રહી શકે એમ નથી. મીડિયા અને સોશિયલ મીડિયાની પહોંચ બહુ વધી ગઈ છે. કોઈ પણ કૌભાંડ કદાચ તરત તળિયેથી નળિયે ન પહોંચે એવું બને પણ સમયની રફતારમાં એ એક ને એક દિવસે તો જગતના ચોકમાં જાહેર થયા વિના રહેતું નથી. ઝિગ ઝિગલર કહે છે કે કૌભાંડ આચરનારાઓએ પહેલેથી જ એ જાહેર થાય ત્યારના સંયોગોનો એક રોડમેપ એડવાન્સમાં ઘડી રાખવો જોઈએ.

રશિયન વડા વ્લાદિમિર પુતિનના એકછત્ર શાસનનો પૂર્ણચન્દ્ર હવે સોળેય કળાનો રહ્યો નથી ને એમાં વદચન્દ્ર જેવી ક્રમિક અંધકાર ભણીની ઓટ આવવા લાગી છે. રશિયાના આ અંધારાને ઉલેચનારા ક્રાન્તિકારી નવોદિત નેતા નેવેલ્ની હવે દુનિયામાં વિખ્યાત થઈ ગયા છે. એટલે ઘર આંગણે પુતિનને નવી લોકપ્રિયતાની તાતી જરૂર છે. એમાં જ હાથમાં આવેલો યુક્રેનનો યુદ્ધ અવસર પુતિન હવે જીતીને પૂરો કરવા ચાહે છે.

યુક્રેનના સંરક્ષણ મંત્રાલય પર અગાઉ જે સાયબર હુમલો થયો તે રશિયન સૈન્યની સાયબર વિંગે કર્યો કે રશિયન હેકરોએ કર્યો એ હજુ નક્કી નથી. જેમ કોરોનાએ ચીનની ખંધી રાજનીતિને ખુલ્લી પાડીને એની તમામ હીનતાઓ છતી કરી એ જ રીતે સાયબર ક્રાઈમને કારણે રશિયા વૈશ્વિક કોર્પોરેટ જગતમાં બહુ બદનામ છે. અનેક મલ્ટીનેશનલ કંપનીઓના સર્વર અને બેન્કિંગ સિસ્ટમ હેક કરી દેનારા હેકરો રશિયામાં બેઠા છે. ન તો રશિયન સરકાર એને ઝડપી શકી છે અને ન તો આંતરરાષ્ટ્રીય કાનૂન ત્યાં સુધી પહોંચે છે.

લાખો ડોલરમાં કંપનીઓને બ્લેકમેલ કરનારા હેકરો હવે ક્રિપ્ટો કરન્સીમાં નાણાં પડાવતા થયા છે. એક ધારણા એવી પણ છે કે રશિયન જાસૂસો આ હેકરો સાથે જોડાયેલા છે. પરંતુ એ બધી પ્રવૃત્તિઓને કારણે રશિયા સાથેના ટેકનોલોજિકલ સંબંધો તોડી નાંખનારા દેશોની સંખ્યા નાની નથી. પુતિન પોતે એક પ્રકારના જેમ્સ બોન્ડ જ ગણાય છે પરંતુ એમની હાલત હવે ઓલ્ડ એજ લાયન જેવી થતી જાય છે. તેઓ પ્રજાનો વિરોધ બહુ લાંબો સમય વેઠી શકશે નહિ.

એક તરફ દુનિયાના વિવિધ દેશોના વડાઓ રશિયાને યુદ્ધને જલ્દી સમેટી લેવા માટે મંત્રણાઓ કરી રહ્યા છે તો બીજી તરફ યુક્રેન એકતા દિવસ વગેરે મનાવીને પોતાની પ્રજાને મનોવૈજ્ઞાનિક રીતે યુદ્ધ ચાલુ રાખવા માટે તૈયાર કરે છે. યુક્રેનની હાલત નાટો દેશોએ એની વકીલાત કરી કરીને એક નિર્બળ રાષ્ટ્ર તરીકે આલેખી છે પણ ખરેખર યુક્રેન નાનું તોય નાગનું બચ્ચું છે. વળતા હુમલામાં એ રશિયાને ઘણું નુકસાન કરવાની તાકાત ધરાવે છે. યુક્રેને આ યુદ્ધમાં રશિયાને પારાવાર નુકસાન કર્યું છે. છતાં હવે યુક્રેનનો વિનાશ નક્કી છે.

# અમરેલીના લાઠી રોડ વૃંદાવન પાર્કમાં નાના બાળકો દ્વારા ગણપતિ ઉત્સવનું આયોજન




અમરેલી શહેરના લાઠી રોડ ઉપર આવેલ વૃંદાવન પાર્કમાં પુર્વ સ્વ.પીએસઆઈ બાલાભાઈ પાઠકના પૌત્ર વેદાંત પરેશભાઈ પાઠક સહિત નાના બાળકો દ્વારા સ્વખર્ચે ગણપતિ ઉત્સવનું આયોજન કરેલ છે. તે વેળાની તસ્વીરમાં નજરે પડે છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૧૩.૯.૨૦૨૪ શુક્રવાર ,સંવંત ૨૦૮૦ ભાદરવા સુદ દશમ, પૂર્વાષાઢા નક્ષત્ર ,સૌભાગ્ય યોગ, તૈતિલ કરણ , આજે જન્મેલાંની ચંદ્રરાશિ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક પ્રાપ્ત થાય. સંતુલિત મનથી તમે કરેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થાય.
વૃષભ (બ,વ,ઉ) : આર્થિક બાબતોમાં સારું રહે,અચાનક લાભ થવાના સંકેત છે. અગાઉ રોકેલા નાણાં કે ફસાયેલા નાણાં પરત આવવાના સંકેત આવી શકે.
મિથુન (ક,છ,ઘ) : કાર્યસિદ્ધિ આપતો દિવસ,યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય. સામાજિક રીતે તમારા અભિપ્રાય નું મૂલ્ય વધે.
કર્ક (ડ,હ) : આજના દિવસે વાદ વિવાદ થી દૂર રહેવું,તમારા કામમાં વિશેષ ધ્યાન દેવું. સ્વભાવ લાગણીશીલ રહે અને તેના કારણે દુઃખ થાય.
સિંહ (મ,ટ) : આજના દિવસે આકસ્મિત લાભ થાય,જુના મિત્રોને મળવાનું બને,મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.
કન્યા (પ ,ઠ ,ણ ) : વેપારીવર્ગને લાભદાયક દિવસ છે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક,નોકરિયાતવર્ગને સારું રહે,વિદ્યાર્થીવર્ગ માટે પણ સારું રહે.
તુલા (ર,ત) : આધ્યાત્મિક બાબતોમાં આગળ વધી શકો, ધ્યાન યોગ મૌનથી લાભ થાય,ભાગ્યબળ માં વૃદ્ધિ થાય.
વૃશ્ચિક (ન ,ય ) : અગાઉ ની સાપેક્ષમાં ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવતી જણાય,કાર્યને પૂર્ણ કરી શકો , પ્રગતિકારક દિવસ.
ધન (ધ ,ભ ,ફ ,ઢ ): સામાજિક ક્ષેત્ર અને જાહેરજીવનમાં સારું રહે, લોકચાહનામાં વૃદ્ધિ થાય , આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
મકર (ખ ,જ ) : આજના દિવસે તબિયતની કાળજી લેવી,બહારના ખાન-પાનમાં ધ્યાન રાખવું પડે, જીવનપદ્ધતિમાં હકારાત્મક ફેરફાર કરવા જરૂરી બને.
કુંભ (ગ ,સ,શ ) : પ્રણય માર્ગે આગળ વધી શકો, સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.
મીન (દ ,ચ ,ઝ ,થ): દિવસ આરામથી વિતાવી શકો અને નવી જગ્યાએ જઈ શકો, તમામ ભૌતિક સુખ સગવડ આપતો આનંદદાયક દિવસ.

### ભાઇની પત્નીને અગાઉ ભગાડી ગયાનું મનદુઃખ રાખી

# લીલીયામાં યુવાન ઉપર છરી વડે હુમલો

**છરી વડે કપાળે મારમારી ટાકા લાવી ધમકી આપ્યાની ફરિયાદ**

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)લીલીયા વેલનાથ પરા વિસ્તારમાં રહેતાં અજયભાઈ સુરેશભાઈ ડાભીના ભાઈ નિતિનભાઈ સુરેશભાઈની પત્નીને મેહુલ ગોબરભાઈ ડાભી અગાઉ ભગાડી ગયેલ જે મનદુઃખ રાખી ગાળો બોલી મેહુલ ગોબરભાઈ ડાભીએ ઢીકાપાટુનો મારમારેલ અને નિતિનભાઈ આવતા ગોબર ડાભીએ આવીને બન્ને ભાઈઓને ગાળો બોલી ઢીકાપાટુનો મારમારી મેહુલે પેન્ટના નેફામાંથી છરી કાઢી અજયભાઈને કપાળે તથા તેના ભાઈને બન્ને હાથની આંગળીએ મારમારી ઈજાઓ કરી ઢીકાપાટુ વડે મારમારી ટાટીયા વગરના કરી નાખવાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપી મહાવ્યથા કરી ગુનો કર્યાની લીલીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### ઘરની પાછળ ઘેટા બકરા રસ્તામાં કેમ બેસાડો છો તેમ કહેતાં

# રાજુલાના જુની કાતરમાં પ્રૌઢ ઉપર કુહાડી વડે હુમલો

**ચાર શખ્સોએ કુહાડી, લાકડી વડે મારમારી દિકરા અને બહેન તેમજ દિકરીઓને ધમકી આપી**

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

રાજુલા તાલુકાના જુની કાતર ગામે રહેતાં શંભુભાઈ રાજાભાઈ ચૌહાણ ઉ.વ.૪૫ ઘરની પાછળના ભાગે જાહેર રસ્તામાં જોધા લાખાભાઈ બોહરીયાએ ઘેટા બકરા રસ્તામાં બેસાડેલ હોય તેથી શંભુભાઈએ કહેલ કે ઘેટા બકરા રસ્તામાં કેમ બેસાડો છો ચાલવામાં તકલીફ થાય છે તેમ કહેતા જોધાએ ઘેટા બકરા તો રસ્તામાં જ બેસસે તેમ કહી અમરા લાખાભાઈ, ધના રત્નાભાઈ, વિનુ પોહાભાઈ બોહરીયાને બોલાવેલ તેમાં અમરાએ હાથમાં કુહાડી ધનાએ લાકડી તથા વિનુએ હાથમાં પથ્થર ધારણ કરી જોધાએ શંભુભાઈને પીઠમાં લાકડી મારી મુંઢ ઈજા કરી ધનાએ જમણા હાથે લાકડી મારી ફેકચર કરી વિનુ પથ્થર મારવા જતાં ખસી જતાં અમરાએ હાથમાં રહેલ કુહાડી માથામાં મારી ૨૦ ટાકાની ગંભીર ઈજા કરી પાડી દઈ તેવામાં શંભુભાઈનો દિકરો કમલેશ તથા બહેન લીલાબેન બચાવવા વચ્ચે પડતાં જોધાએ કમલેશને જમણા હાથે લાકડી મારી ઈજા કરી લીલાબેનને અમરાએ મુંઢ ઈજા કરી તેવામાં શંભુભાઈના પત્ની તથા દિકરીઓ વચ્ચે પડી વધુ મારથી બચવતા આરોપીઓએ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી મહાવ્યથા કર્યાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# બગસરામાં પરિણીતાને ત્રાસ અપાયો

**અવાર નવાર ત્રાસ આપી એકબીજાએ મદદગારી કર્યાની ફરિયાદ**

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

બગસરા નબીપરામાં હાલ ધારી તાલુકાના શેલખંભાળીયા પિયરમાં રહેલ હેતલબેન રવિરાજભાઈ કોટીલાને તેના પતિ રવિરાજને ભુમિબેન ભાયાણી સાથે પ્રેમ સબંધ હોય જેના કારણે તા.૧૭-૧-૨૩ના એકાદ મહિના બાદથી હેતલબેન રિસામણે શેલ ખંભાળીયા આવેલ હોય તે દરમિયાન તા.૨૯-૬-૨૪ સુધીમાં અવાર નવાર રવિરાજ મહેશભાઈ, મહેશ મેરામભાઈ, ચંદ્રાબેન મહેશભાઈ, શિવરાજ મહેશભાઈ કોટીલાએ શારિરિક અને માનસિક ત્રાસ આપી સાસુ સસરા અને દિયરએ પતિને ચડામણી કરી હેતલબેનને શારિરીક દેખાવ બાબતે ઉતારી પાડી ગાળો બોલી ત્રાસ આપ્યાની ચલાલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જુના વાઘણીયામાં કુંકાવાવ પીજીવીસીએલ કચેરીમાં ૬ એપ્રેન્ટીસ તાલીમાર્થીઓને ભવ્ય વિદાયમાન અપાયું

**એપ્રેન્ટીસ તાલીમાર્થીઓને વર્ષ પુરૂ થતાં બિરદાવી વિદાય આપી**



જુના વાઘણીયા, (મગન સરવૈયા)તા.૧૧ મોટી કુંકાવાવ પીજીવીસીએલ કચેરી ખાતે આજે સાંજે ૫-૦૦ કલાકે વર્ષ ૨૦૨૩/૨૪ ના એપ્રેન્ટીસના તાળીમાર્થીઓ ભાર્ગવ એમ. રાઠોડ, આનંદ પી. પરમાર, પ્રતિક એચ. જસાણીને એપ્રેન્ટીસશિયનું વર્ષ પુર્ણ થતા તેમને રીલીવ કરવામાં આવેલ હતા. તેમજ તેઓની શ્રેષ્ઠ કામગીરીને પણ બિરદાવવામાં આવેલ હતી. જ્યારે એપ્રેન્ટીસશિય પુર્ણ કરતા તાલીમાર્થીઓએ પણ પોતાની કચેરીમાં સ્મૃતિસ્વરૂપ છબી ઓફીસને અર્પણ કરેલ હતી. આજના આ પ્રસંગે ડેપ્યુટી એન્જી ડી.પી.દેસાઈ, જુનીયર એન્જી બી.બી. વાળા તેમજ એમ.એમ. સાવલીયા લાઈન ઈન્સ, એ. આર. ચાવડા તેમજ ટેક્નીકલ સ્ટાફ ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમમાં અધિકારીઓએ તાલીમાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યના શુભકામનાઓ સાથે ટેક્નીકલ ક્ષેત્રમાં ઉપયોગી થાય એવુ માર્ગ દર્શન આપેલ હતી સાથે સાથે સહુને પુરસ્કાર આપી પુરસ્કૃત કરેલ હતા. જ્યારે એપ્રેન્ટીસશિય પુર્ણ કરતા તાલીમાર્થીઓએ પણ પોતાને આખા વર્ષ દરમ્યાન ઓફીસ તરફથી મળેલ શ્રેષ્ઠ ગાઈડ લાઈન તેમજ પ્રેમ બદલ અહઅધિકારીશ્રીઓ તેમજ વિજ કચેરી.

# અમરેલી જિલ્લામાં એક વાહનચાલક સહિત પાંચ નસેડીઓ ઝડપાઇ ગયા

**જિલ્લામાં પાંચ સ્થળોએથી નશો કરેલ હાલતમાં ઝડપી લીધા**

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી જિલ્લામાં જુદા જુદા પાંચ સ્થળેથી એક વાહનચાલક સહિત ૫ નસેડીઓને નશો કરેલ હાલતમાં પોલીસે ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં જાફરાબાદ, ખાંભા, સાવરકુંડલા શહેર અને રાજુલા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

# અમરેલી સારહિ તપોવનમાં ભોજન કરાવાયું

**શ્રી સેલાણી અને શ્રી ગુંદરણીયા પરિવારની ઉપસ્થિતી**



અમરેલી, સેવાને સરનામે ઉમળકા સાથે તા.૦૧-૦૯-૨૦૨૪ નાં રોજ સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ માં રહેતા તપસ્વીશ્રીઓની સાથે રહીને સમય વિતાવેલ અને ત્યારબાદ ભોજન પ્રસાદ લઈને છૂટા પડેલ વેપારી મહા મંડળ ના સભ્યશ્રી પીન્ટુભાઈ સેલાણી સહ પરિવાર તથા શ્રી મિતેનભાઈ ગુંદરણીયા સહ પરિવાર ઉપસ્થિત રહેલ તેમની સાથે જાણીતા ડોક્ટર ફિઝીયોથેરાપી ડોક્ટર ચિરાગભાઈ કોલડીયા, તેમજ અમરેલી રેડીમેઈડ ગારમેન્ટ એસોસિએશનના પ્રમુખ મયુરભાઈ સાંગલાણીયા ઉપસ્થિત રહેલ સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્રદ્રષ્ટા-પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી સારહિ પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

# ભુજ લોહાણા જ્ઞાતી સમાજના ભામાશા શેઠશ્રી જયંતીભાઈ ઠક્કરનો ૨૯ સપ્ટેમ્બરે જન્મદિન

ભુજ,

લોહાણા સમાજનાં ભામાશા શેઠ જયંતીભાઈ ઠક્કરનો તા. ૨૯ સપ્ટેમ્બરના જન્મદિવસ છે. વીરપુરના ભક્તશ્રી જલારામ બાપાએ આપેલ આશીષને નખશીખ જીવનમાં ઉતારનાર જયંતીભાઈને આંગણે આવનાર કોઈ ભુખ્યો જાય જ નહી. સંતપ્રેમી જયંતીભાઈ બીજા હાથને પણ ખ્યાલ ન આવે એ સભાનતાથી અનેકાનેક સેવાકીય પ્રવૃતિઓ ઢંઢેરો પીટાવ્યા વીના કરી રહ્યા છે.

# રાજુલામાં નકલી માર્કશીટના કૌભાંડમાં એસીડ પી જનારા મુખ્ય આરોપીનું સારવાર દરમિયાન મોત થયું

**અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજયાનું જાહેર કરાયું**

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)રાજુલામાં રહેતાં રિઝવાનભાઈ રજાકભાઈ લદ્દા ઉ.વ.૩૨ એ તેના પરફેકટ ઈન્સ્ટીયુટ ઓફ ટેકનોલોજી નામના કોમ્પ્યુટર કલાસીસમાં હાલ અમરેલી રહેતી મહિલાનું ધો. ૧૨નું ખોટુ કેરલા બોર્ડનું માર્કશીટ બનાવેલ હોય જે અંગે રિઝવાનભાઈને તા.૩૦-૮-૨૪ના રાજુલા પોલીસ સ્ટેશનમાં પુછપરછ માટે બોલાવેલ હોય અને તા.૩૧-૮-૨૪ના જરૂરી આધાર પુરાવવા સાથે રજુ રહેવાનું કહેલ હોય તેના વિરૂધ્ધમાં ખોટુ માર્કશીટ બનાવ્યા અંગેનો ગુનો દાખલ થશે તો પોતાની આબરૂ જશે અને બદનામી થશે. તે વાતનું મનમાં લાગી આવતાં રિઝવાનભાઈએ તા.૩૧-૮ના સવાર ૮ વાગ્યે પોતાના ઘરે એસીડ પી જતાં અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાતાં તા.૯-૯-૨૪ના સારવાર દરમિયાન મોત નિપજયાનું રજાકભાઈ કરીમભાઈ લદ્દાએ રાજુલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# કડીયાળી ગામે પરિણીતાને સાસરીયાઓએ ત્રાસ આપ્યો

**મેણા ટોણા મારી ત્રાસ આપી ધમકી આપ્યાની ફરિયાદ**

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)
રાજુલા તાલુકાના કડીયાળી ગામે રહેતી કાજલબેન અશ્વિનભાઈ જીતીયાને મુંબઈમાં રહેતાં પતિ અશ્વિનભાઈ રામભાજીભાઈ, નવીન રામજીભાઈ, રામજી માયાભાઈ જીતીયાએ અવાર નવાર મુંઢમારમારી કરિયાવર તથા ઘર કામ અંગે મેણામારી દુઃખ ત્રાસ આપી ગાળો બોલી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની મરીન પીપાવાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલા નજીક ધજડી ગામે શ્રમિક યુવાનનું ઝેરી દવા પી જતાં મોત નિપજયું

**ઝેરી દવાની અસર થતાં સારવાર દરમિયાન મોત નિપજયું**

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)સાવરકુંડલા તાલુકાના ધજડી ગામે કનુભાઈ સભાયાની વાડીએ ફતેપુરા તાલુકાના જલાય ગામના ધર્મેશ મોહનભાઈ પારઘી ઉ.વ.૧૯ને તેના પત્ની સાથે ઝઘડો થતાં માઠુ લાગી જતાં પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતાં સારવાર માટે દવાખાને ખસેડાતાં સારવાર દરમિયાન મોત નિપજયાનું પિતા મોહનભાઈ લાલાભાઈ પારઘીએ સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# રાજુલાના પીપાવાવમાં જુગાર રમતા ૮ શકુનીઓ ઝડપાયા

**પોલીસે રોકડ રૂા. ૨૪ હજાર ઉપરાંતનો મુદામાલ કબ્જે કર્યો**

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)રાજુલા તાલુકાના પીપાવાવમાં મધુ પુનાભાઈ મકવાણાના મકાન સામે બતીના અજવાળે જાહેરમા જુગાર રમતાં મધુ પુનાભાઈ મકવાણા, વિપુલ સોમાતભાઈ સાંખટ, રોહિત નરસિંહભાઈ સાંખટ, મનસુખ કાનાભાઈ સાંખટ, રાજુ જોધાભાઈ સાંખટ, જગદિશ મંગાભાઈ ગુજરીયા, સુનિલ ગોવિંદભાઈ ગુજરીયા, સુરેશ માલાભાઈ મકવાણાને પો.કોન્સ. અક્ષયભાઈ મોરીએ રોકડ રૂા. ૨૪,૧૩૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

### અમરેલી ફતેપુર રોડે પુર ઝડપે રિક્ષા ચલાવતાં ગુનો નોંધ્યો

અમરેલી, અમરેલી તાલુકાના ફતેપુર રોડ વેલનાથ પરામાં રહેતા શિવમ મનસુખભાઈ ડાબસરા પોતાની બજાજ મેકસિમા રિક્ષા જીજે ૧૪ વાય ૨૧૬૩ પુર ઝડપે અને ગફલતભરી રીતે બેફિકરાઈથી માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી મળી આવતાં જિલ્લા ટ્રાફિક શાખાના હે. કોન્સ. હિરેનભાઈ સોલંકીએ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# સાવરકુંડલામાં જુદા જુદા સ્થળોએ બે મોબાઇલ ચોરાયાની ફરિયાદો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

સાવરકુંડલા હાથસણી રોડ મીરાપાન સામે મહર્ષિભાઈ રાજેશકુમાર જાની પોતાનું બાઈક લઈ મીરાપાનથી પોસ્ટ ઓફિસ રોડ શ્રી સોડા સુધી જતાં હતાં તે દરમિયાન ખીચામાં રાખેલ વીવો કંપનીનો રૂા.૨૯.૯૯૯ની કિંમતનો મોબાઈલ પડી જતાં કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. સાવરકુંડલા મેઈન બજાર ટાવર સામે નરેન્દ્રભાઈ મંગળજીભાઈ ઉન્નડકટ બજારમાં ખરીદી કરવા ગયેલ ત્યારે પેન્ટના ખીસામાં રાખેલ ક્ષાસમી કંપનીનો રૂા.૨૭,૦૦૦ની કિંમતનો મોબાઈલ કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૩૫ થી ૧૬૮૯ મગફળી ૭૯૯ થી ૧૧૪૧

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૯૧૨-૧૧૧૩
શિંગમોટી-૭૯૯-૧૧૪૧
શીંગફાડા-૧૦૦૦-૧૩૭૨
તલસફેદ-૧૮૦૦-૨૮૩૬
તલકાળા-૩૨૦૦-૩૭૨૧
બાજરો-૩૭૯-૪૯૦
ઘઉંટુકડા-૪૯૦-૬૪૮
ઘઉંલોકવન-૪૦૦-૫૯૯
તલકાશમીરી-૨૩૮૫-૨૯૫૦
ચણા-૧૧૭૫-૧૪૩૦
કપાસ-૯૩૫-૧૬૮૯
જુવાર-૪૦૦-૮૫૫
ધાણા-૧૦૦૫-૧૩૪૦
વાલ-૧૫૩૦-૨૪૩૫
સોયાબીન-૭૮૮-૮૪૮
અડદ-૧૦૧૭-૧૭૯૫
મગ-૧૫૦૮-૧૬૦૪
જીરૂ-૩૬૦૦-૪૭૧૭

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૦૦-૫૦૦
રીંગણા-૭૦૦-૮૫૦
ફલાવર-૫૫૦-૬૨૦
કોબીઝ-૩૦૦-૪૫૦
ટમેટાં-૫૦૦-૬૦૦
ફોદીનો-૯૦૦-૧૦૦૦
ગાજર-૪૦૦-૫૭૦
ગલકા-૬૦૦-૭૦૦
કાકડી-૪૫૦-૫૬૦
ગુવાર-૮૦૦-૧૧૬૦
દુધી-૫૨૦-૬૦૦
તુરીયા-૫૦૦-૬૦૦
ભીડો-૪૦૦-૫૦૦
આદુ-૯૪૦-૧૦૩૦
કોથમીર-૨૫૦૦-૩૦૦૦
મેથીભાજી-૧૮૦૦-૨૧૦૦
ટીંડોરા-૮૩૦-૯૨૦
લીમડોમીઠો-૯૦-૧૧૦
મરચાલીલા-૮૦૦-૧૨૦૦
મુળા-૪૦૦-૪૮૦
લીંબુ-૧૬૦૦-૧૮૦૦
પાલક-૧૦૦૦-૧૨૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૯૦-૫૫૦
ચણા-૧૨૦૧-૧૨૦૧
ઘઉં-૫૦૦-૬૮૧
જુવાર-૫૦૦-૭૮૯
મગ-૧૫૦૦-૧૫૦૦
તલસફેદ-૨૪૫૦-૨૬૭૧
જીરૂ-૪૦૦૦-૪૫૫૦
રાય-૮૫૧-૮૫૧
સોયાબીન-૮૨૦-૮૨૧
તલકાળા-૩૫૦૦-૩૫૦૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૮૦-૬૫૧
ડુંગળીલાલ-૧૦૫-૮૨૪
ચણા-૧૨૦૪-૧૪૨૧
તલસફેદ-૧૮૬૦-૨૭૩૩
જીરૂ-૪૧૩૦-૪૧૩૦
મેથી-૧૦૨૫-૧૦૨૫
તુવેર-૧૪૫૦-૧૪૫૦
ડુંગળીસફેદ-૧૫૦-૫૯૨
નાળીયેર-૫૨૦-૧૮૧૦
બાજરી-૪૫૬-૫૨૭
જુવાર-૩૬૫-૭૨૪
જીરૂ-૪૧૩૦-૪૧૩૦

**બાબરા**
કપાસ-૧૪૨૦-૧૭૦૦
ઘઉં-૫૦૨-૫૫૮
મગ-૧૪૪૦-૧૮૦૦
જીરૂ-૪૧૦૫-૪૨૭૫
ચણા-૧૨૭૫-૧૪૨૫
તલકાળા-

**ધારી**
કપાસ-૧૨૩૦-૧૫૬૧
અડદ-
તલ-
મકાઈ-૩૫૦-૩૫૦
ચણા-૧૧૭૫-૧૪૨૧
ઘઉં-૫૦૬-૫૭૦
મગ-
તુવેર-૧૮૫૧-૧૮૫૧
શીંગફાડા-
સોયાબીન-૮૨૧-૮૨૧
મગફળી-

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૦૮૦-૧૧૧૧
શીંગદાણા-૧૩૦૦-૧૩૫૧
જીરૂ-૪૦૦૦-૪૫૪૫
તલસફેદ-૨૧૫૦-૨૬૨૬
કપાસ-૧૪૦૦-૧૬૬૦
ઘઉંલોકવન-૫૪૧-૬૦૬
જુવાર-૭૪૧-૭૪૫
ઘઉંટુકડા-૫૬૦-૬૪૫
ચણા-૧૨૧૧-૧૪૧૯
સોયાબીન-૮૦૦-૮૪૭
તુવેર-૮૫૦-૧૪૦૦
બાજરો-૪૪૦-૪૯૦
એરડી-૮૦૧-૧૧૨૭

**ખાંભા**
કપાસ-
જુવારસફેદ-
તલસફેદ-
ઘઉં-
મેથી-
બાજરો-
સોયાબીન-
જીરૂ-

**બગસરા**
કપાસ-૧૦૦૦-૧૪૩૫
શીંગદાણા-૧૦૪૦-૧૧૦૦
જુવાર-૭૧૫-૭૧૫
રાયડો-૮૨૦-૮૨૦
તલસફેદ-૧૬૯૫-૨૪૬૦
ઘઉંટુકડા-૫૩૦-૫૫૦
ઘઉંલોકવન-૪૮૦-૫૬૫
તલસફેદ-૧૬૯૫-૨૪૬૦
બાજરો-૪૩૫-૪૩૫
ચણા-૧૧૧૦-૧૪૦૦
સોયાબીન-૮૨૪-૮૪૨
તુવેર-

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૮૦૦-૧૧૦૦
દાડમ-૧૦૦૦-૨૮૦૦
મુસંબી-૪૦૦-૭૦૦
સંતરા-૨૨૦૦-૨૯૦૦
કીવી-૫૦૦૦-૬૨૦૦
ડ્રેગન ફ્રુટ-૨૦૦૦-૨૮૦૦
અનાનસ-૧૨૦૦-૧૬૦૦
જામફળ-૧૫૦૦-૧૮૦૦
કેળા-૩૭૦-૫૦૦
પોપૈયા-૬૦૦-૯૫૦
સફરજન હિમાચલ -૧૫૦૦-૨૦૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન 33.૪
ન્યુનતમ તાપમાન ૨૪.૮
ભેજનું પ્રમાણ ૮૯
પવનની ગતિ સરેરાશ ૫.૫

### કાતરના દરબાર શ્રી દાદબાપુના નિવાસ સ્થાને પાવન પગલા સાથે

# કાતર દરબારગઢમાં આઇશ્રી કંચનમાએ હવન યજ્ઞમાં આહુતિ આપી

## બાબરીયા વાડ પંથકમાં વર્ષો પુરાણી પિત્તળની વસ્તુઓ અને મોતી કામનું નિરીક્ષણ કરી રાજીપો વ્યક્ત કરી પુજા, અર્ચના કરી

## રાજુલાના હેમાળ, સરોવડા તથા કેશોદ નજીક મઢડા સોનલમાની જગ્યાએ પગલા કર્યા : શ્રી દાદબાપુના પરિવારે આશિર્વાદ લીધા



રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા તાલુકાના કાતર દરબારગઢમાં આઈ શ્રી કંચનમાં એ હવનયજ્ઞ અને વર્ષો પુરાણી પિત્તળ ની તથા મોતીકામનું નિરીક્ષણ કરી રાજીપો વ્યક્ત કર્યો આઈ માં શ્રી કંચન માની પણ પૂજા અર્ચના કરી હતી. હેમાળ સરોવરડા ગામે સહિત પધારતા આનંદ છવાયો કેશોદ તાલુકાના સુપ્રસિદ્ધ સોનલ મા ની જગ્યા ના આઈમાં કંચનમાં આજે કાતર ગામે દરબાર શ્રી દાદ બાપુના નિવાસસ્થાને પધારતા શ્રી કંચન મા એ હવન નો લાભ માણ્યો તેમ રાજાશાહી વખતની પુરાણી વસ્તુઓ પિત્તળ મોતી જુલા હિંડોળા ભરત મોતીકામના સાકરા પિતાને તિજોરી સહિતની વસ્તુઓ નિહાળી રાજીપો વ્યક્ત કર્યો હતો આ પ્રસંગે શ્રી દાદા બાપુ વરુ તથા નાનકુભાઈ યાડના ડિરેક્ટર અમરીશભાઈ વરુ ઉપસ્થિત રહી માતાજીના આશીર્વાદ લીધા હતા.

ત્યારબાદ આઈ મા શ્રી કંચન માએ સરોવરડા રામકુભાઈ વરુ ઘનશ્યામભાઈ વાળા તથા ભરતભાઈ તથા ધર્મેન્દ્રભાઈ સહીતે માતાજીના આશીર્વાદ લીધા હતા આઈ મા શ્રી કંચનમાં પૂજન પણ કર્યું હતું ત્યારબાદ હેમાળ ગામે સ્વર્ગસ્થ રાણીગ બાપુ વરુ ના નિવાસ્થાને શ્રી નટુભાઈ વાળા તથા વાળા તથા કિશોરભાઈ સહીતે માતાજીની પધરામણી શ્રી નટુભાઈ વાળા થતા આઈ માતાજી નું પૂજન અને દર્શનનો લાભ મળ્યો હતો આમ સુપ્રસિદ્ધ સોનલ મા ની જગ્યાથી પધારતા શ્રી આઈ મા શ્રી કંચન મા બાબરીયાવાડમાં પધારતા રાજીપો વ્યક્ત કર્યો હતો

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

# રાજકોટના એડવોકેટ જીજ્ઞેશ મુછળીયાનો આજે જન્મદિવસ



રાજકોટ, યુવા ધારાશાસ્ત્રી અને રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ રાજકોટના જિલ્લા પ્રમુખ જીજ્ઞેશ મુછડીયાનો આજે જન્મદિવસ હોય બહોળુ મિત્ર વર્તુળ ધરાવતાં અને સામાજિક સેવાકીય પ્રવૃતિમાં હરહંમેશ હાજરીઆપતા ધારાશાસ્ત્રીને તેમના મો. ૯૯ ૭૪ ૮૦૦૧૪૧ ઉપર શુભેચ્છાઓનો ધોધ વહી રહ્યો છે.

# ભાવનગર રેલ્વે સ્પોર્ટસ એસો. દ્વારા અરજીઓ મંગાવાઇ

ભાવનગર, ભાવનગર પરા રેલ્વે ડિવીઝનલ સ્પોર્ટસ એસોશિએશન દ્વારા ખાનગી ભાગીદારીના ધોરણે રેલ્વે ક્રિકેટ ગ્રાઉન્ડ ભાવનગર પરાનો ઉપયોગ અને જાળવણી માટે એકસપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ આંમત્રિત કરવામાં આવ્યા છે. અરજી સબમીટ કરવાની છેલ્લી તા. ૩૦-૯-૨૪ છે. જેથી સ્થાનિક રસ ધરાવતા વ્યકિતઓ અને સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. જેમાં પાત્રતા ક્રિકેટ એકેડમી નોંધાયેલ હોવી જોઈએ અને ઓછામાં ઓછા ૧૦ વર્ષનો ક્રિકેટ કોચિંગ ચલાવવાનો અનુભવ હોવો જોઈએ ૧-૯-૨૦૨૪ સુધીમાં એકેડેમીમાં તાલીમ માટે ઓછામાં ઓછા ૨૦૦ વિદ્યાર્થીઓ નોંધાયેલ હોવા જોઈએ તેમજ રાષ્ટ્રીય સ્તર (એનઆઈએસ) પ્રશિક્ષીત ટ્રેનર હોવા જોઈએ, છેલ્લા ત્રણ નાણાકીય વર્ષની ઓડિટ રિપોર્ટર ઉપલબ્ધ હોવા જોઈએ. સેવાની ગુણવતા અને સમયસર ઉપલબ્ધતા સુનિશ્ચત કરવા માટે માત્ર ભાવનગર જિલ્લામાં નોંધાયેલ સરનામુ ધરાવતાં પક્ષકારો ને જ ધ્યાનમાં લેવામાં આવશે.

# માળીયાહાટીનામાં શાંતિ સમિતિની બેઠક મળી



માળીયા હાટીના, તાજેતરમાં જ ગણપતિ મહોત્સવના તહેવાર અને ઈદે મિલાદના તહેવાર ને અનુલક્ષીને માળીયાહાટીના ગામમાં અને તાલુકામાં શાંતિ જળવાઈ રહે તે અનુસંધાને માળીયાહાટીના મહિલા પીએસઆઈ સલમા સુમરા એ પોલીસ સ્ટેશન ખાતે હિન્દુ મુસ્લિમ સમાજના આગેવાનોને મીટીંગ બોલાવી હતી આ મિટિંગમાં પીએસઆઈ સલમા સુમરા આગેવાનો ને જણાવ્યું હતું કે. કે અત્યારે ગણેશ ઉત્સવ અને આવનારા દિવસોમાં ઈદે મિલાદ નો તહેવાર આવે છે તો ગામમાં શાંતિ સુલેહ જળવાઈ બંને કોમના લોકો ભાયચારાથી રહે એમ જણાવ્યું હતું તેમ છતાં ક્યાંય પણ કોઈ પણ અનઈચ્છનીય બનાવ બને તો તાત્કાલિક પોલીસ સ્ટેશન એ જાણ કરવી તેમ સલમા સુમરા એ જણાવેલ છે આ મિટિંગમાં હિન્દુ મુસ્લિમ સમાજના આગેવાનોએ હાજરી આપી હતી

# ચાંચ બંદરના શ્રી ચૌહાણ સહિતે તરણેતરનો મેળો માણ્યો

## ચાંચ બંદરના અન્ય ૯૦ ઉપરાંતના લોકો પણ મેળામાં જોડાયા



રાજુલા,

તરણેતરના મેળામાં આજે ચાંચ બંદર ગામના ૯૦ લોકોએ મેળા નો લાભ મળ્યો રાજુલા તાલુકાના ચાંચ બંદર ગામના ભાજપ વિકાસ મંડળના પ્રમુખ કાનજીભાઈ ચૌહાણ તથા માજી તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી હરસુરભાઈ ગુજરીયા સહિત ૯૦ લોકોએ આજે તરણેતર મેળાના છેલ્લા દિવસે લાભ મળ્યો હતો.

# રાજુલામાં ભાજપ સદસ્યતા અભિયાન માટે આધુનિક રીતે સ્ટોલ ઉભા કરાંયા

## જાફરાબાદમાં સદસ્યતા અભિયાન વેગવંતુ




રાજુલા, હાલમાં અમરેલી જીલ્લો તેમજ ગુજરાત રાજ્યમાં અને રાજુલા જાફરાબાદમાં સદસ્યતા અભિયાન ચાલી રહ્યું છે ત્યારે રાજુલામાં અનોખી રીતે સદસ્યતા અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે અમરેલી જિલ્લા ભાજપના મહામંત્રી અને આહીર સમાજના આગેવાન પીઠાભાઈ નકુમ દ્વારા એક સ્ટોલ બનાવવામાં આવ્યો છે સ્ટોલ રાજુલા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ઠેકાણે મુકવામાં આવશે અને ત્યાંથી તમામ યુવકોને સદસ્યતા અભિયાનમાં જોડવામાં આવશે. આજરોજ સંસ્કૃતિ વિદ્યાલય ખાતેથી તેણે આ સદસ્યતા અભિયાનનો પ્રારંભ કર્યો હતો

### ગણપતિબાપા મોરીયાના નાદ સાથે

# રાજુલા શહેરમાં ગણેશ ઉત્સવમાં વિવિધ વેશભૂષાઓનું આયોજન

## ગણપતિજી તેમજ ભગવાન શિવની વેશભૂષા સાથે ભવ્ય આરતી



રાજુલા, રાજુલા શહેરમાં ચાલી રહેલા ગણેશ ઉત્સવમાં ઠેર ઠેર ભવ્ય આયોજન થઈ રહ્યા છે ત્યારે કુંભારવાડા ગલી નંબર ત્રણમાં કાયમી ગણપતિના અને ભગવાન શિવના વેશભૂષા કરી ભવ્ય આરતી તેમજ પ્રસાદનું આયોજન કરવામાં છે જેમાં બોહળી સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી પડી રહ્યા છે. રાજુલા શહેરની વાત કરીએ તો રાજુલા શહેરમાં ૫૦થી વધારે જગ્યાએ નાના મોટા ગણપતિ ઉત્સવ ના આયોજનો કરવામાં આવ્યા છે જેમાં પોલીસ સ્ટેશન ચોક છતડીયા રોડ ભેરાઈ રોડ જાફરાબાદ રોડ સહિતના વિસ્તારોમાં નાનાથી લઈ અને મોટા ગણપતિનું સ્થાપન કરવામાં આવી છે અને ઠેર ઠેર ગણપતિ ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. ક્યારે આવી વેશભૂષા કરી અને ગણેશજીની આરતીમાં હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા.

# ગીરગઢડામાં રહેણાંક મકાનમાં વહેલી સવારે સિંહ બાળ ઘુસી જતાં અફડા તફડી

## વન વિભાગ દ્વારા રેસ્ક્યું દરમિયાન સિંહ નાશી છૂટ્યો



ઉના, ગીરગઢડા રહેણાંક મકાનમાં વહેલી સવારે એક સિંહ ઘુસી જતાં રહીશોમાં અફડા તફડી મચી ગયેલ હતી. જેની જાણ વન વિભાગને કરતા તાત્કાલિક સ્થળ પર રેસ્ક્યું ટીમ પહોંચી હતી. પરંતું ભારે જહેમત ઊઠાવી હતી. પરંતુ આ સિંહનું રેશકયું દરમ્યાન સિંહ નાશી છૂટ્યો હતો. લોકોમાં ભયનું વાતાવરણ ફેલાઈ ગયું હતું. ગીરગઢડા શહેરમા સિંહ પરિવાર આવી ચડ્યો હતો. એ દરમ્યાન સિંહ પરિવાર માંથી એક નાની વયનો એક સિંહ વિખૂટો પડી જતાં નજીકમાં પટેલપરા વિસ્તારમાં રહેતાં જીવરાજભાઈ લવજીભાઈ ઘીનીયાના રહેણાક મકાનમાં ઘુસી જતાં અફડા તફડી મચી હતી. અને જેની જાણ વન વિભાગે કરવામાં આવતા તાત્કાલિક રેશક્યું ટીમ સ્થળ પર દોડી ગયેલ હતી. અને મકાનમાં ઘૂસેલ સિંહને વન વિભાગ દ્વારા રેસ્કયુ કામગીરી હાથ ધરવામાં આવી પરંતું આ સિંહનું રેસ્કયુ દરમ્યાન સિંહ નાશી છૂટ્યો હતો. જોકે વન વિભાગ દ્વારા ભારે જહેમત બાદ પણ સિંહ મકાનની બહાર નિકળી નાસી ગયેલ હતો. જોકે સિંહ મકાનના ફળિયામાં ઘૂસી જતાં અફરા તફરીના દરસ્યો જોવા મળ્યાં હતાં.

# હેમાળમાં બોર્ડર ફોર્સમાંથી તાલીમ લઇ પરત આવતાં જવાનનું સન્માન

## ગ્રામ જનોએ હરખભેર સન્માન કરી પ્રસંશા કરી : કોળી સમાજમાં ખુશી



રાજુલા,

જાફરાબાદના હેમાળ ગામે બોર્ડર ફોર્સ માંથી ટ્રેનિંગ લઈ પરત આવતા જેઠવા અભિષેક નું સમસ્ત ગામનો એ સન્માન કર્યું જાફરાબાદ તાલુકાનું ૫૦૦૦ ની વસ્તી ધરાવતું ગામમાં હજી સુધી કોઈપણ યુવાન સીઆરપી એસઆરપી કે બોર્ડર સિક્યુરિટીમાં ગયેલ ન હોય પરંતુ સમસ્ત હેમાળ ગામનું અને કોળી સમાજનું ગૌરવ એવા યુવા તાજેતરમાં ટી ડી પી ફોર્સ માંથી ટ્રેનિંગ લઈ અને આવેલા જેઠવા આશિષ બાલુભાઈ આજે ટ્રેનિંગ પૂરી કરી હેમાળ ગામે આવતા હેમાળ ગામે સમસ્ત ગામ જનો અને મુખ્ય મહેમાન એવા ટીંબી યાર્ડના પ્રમુખ ચેતનભાઈ શિયાળ દ્વારા સાલ અને ફુલહાર કરી સન્માન કરવામાં આવ્યું હતું તેમજ શૈક્ષણિક ક્ષેત્રે સમાજને આગળ વધવાની અપીલ કરી તેમજ શ્રી ગામના આગેવાન એવા માજી સરપંચ મયલુ ભાઈ તથા ભયલુભાઈ વાળા તથા કિશોરભાઈ વરુ તથા તાલુકા પંચાયતના માજી પ્રમુખશ્રી જાદવભાઈ સોલંકી તથા ટીમ્બી ગામના માજી જિલ્લા પંચાયતના આરોગ્ય ચેરમેન શ્રી મનુભાઈ વાજા તથા નાગેશ્રીના સરપંચ નરેન્દ્ર ભાઈ વરુ તથા સવજીભાઈ ટીંબી તથા અમરાભાઈ તથા બસુભાઈ સહિત ઉપસ્થિત રહી આ પ્રસંગે જેઠવા અભિષેક તેમજ તેમના પિતાશ્રી બાલુભાઈ રાજીપો વ્યક્ત કર્યો હતો તથા ગ્રામ્ય જનો અને સમાજના આગેવાનો આગેવાનોએ સન્માન કર્યું હતું તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો

# રાજુલા સંઘવી મહિલા કોલેજમાં ગુજરાતી સાડી ડે ઉજવાયો

## વિદ્યાર્થીનીઓ અને મહિલા અધ્યાપકોએ ભાગ લીધો



રાજુલા, શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા આટેસ કોમર્સ કોલેજ ખાતે 'ગુજરાતી સાડી ડે'ની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ. આ તકે તમામ વિધાર્થિની બહેનો સહિત અધ્યાપકોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોલેજના આચાર્યાશ્રી ડો. રીટાબેન રાવળે પ્રાર્થના સભામાં ગુજરાત ની નારી શક્તિ કાવ્ય દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરેલ. આ પ્રસંગે રીટાબેને વધુમાં જણાવ્યું કે સૌરાષ્ટ્રની સંસ્કૃતિ જળવાઈ અને ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ સાડીઓ પેરતી મહિલાઓ જોવા મળે છે અને નારીશક્તિ માટે સારી ગૌરવ રૂપ છે જેથી અત્યારથી જ આપણી સંસ્કૃતિનો જેમ ગૌરવ લેવાય તેમ ફેશનના જમાનામાં સાડીનું મહત્વ આજે પહેરવાથી ખૂબ છે વિધાર્થિની બહેનોએ ગુજરાત ની નારી ગરિમા પૂર્ણ એવા ગૌરવ અને મર્યાદા સાથે 'ગુજરાતી સાડી ડે'ની ઉજવણી કરેલ. ભાતીગળ ગુજરાત ની સંસ્કૃતિ આ તકે સુંદર રીતે કોલેજ નાં આંગણે ઉત્સવ સમાન જોવા મળી હતી. આ તકે કેમ્પસ ડાયરેક્ટરશ્રી ડો. જિજ્ઞેશભાઈ વાજા, સંસ્થાના સેક્રેટરીશ્રી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, સંસ્થાના મેનેજરશ્રી રવિભાઈ વ્યાસ સર્વે રહી કાર્યક્રમની શોભા વધારી હતી. એન.એસ. પ્રોગ્રામ ઓફીસર પ્રા. જાગૃતિ બેન તેરૈયા તથા પ્રા. ભગવતીબેન વડીયા દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ.

# અમરેલીમાં લેઉવા પટેલ મહિલા કોલેજ સંકુલનું ૧૦૦ ટકા પરિણામ

## એમકોમમાં ૧૦૦ ટકા ડીસ્ટીંક્શન સાથે વિદ્યાર્થીનીઓ પાસ



અમરેલી, અમરેલી લેઉવા પટેલ ટ્રસ્ટ મહિલા કોલેજ પટેલ સંકુલનું ૧૦૦ ટકા પરિણામ સાથે ૧૦૦ ટકા ડીસ્ટીંક્શન મેળવેલ છે. ફસ્ટ રેન્કરમાં ડોડીયા ધર્મીષ્ઠા સવદાસભાઈ, સેકન્ડ રેન્કરમાં સાકરીયા શિવાંગી હરેશભાઈ, થર્ડ રેન્કરમાં ખુંટ બંસરી નંદલાલભાઈ આવેલ છે. વર્ષ ૨૦૨૩ સૌરાષ્ટ્ર યુનિ. એમકોમ સેમ. ૨ નાં પરિણામમાં સંકુલનું પરિણામ ૧૦૦ ટકા આવતા સ્ટાફ તથા ત્રણેય વિદ્યાર્થીનીઓને સંકુલ પરિવારે બિરદાવી શુભકામના પાઠવી છે.

## મહુવા પંથકનાં વિવિધ વર્તમાન

મહુવા બ્યુરો ચીફ નિતેસ ગૌસ્વામી

# ભાવનગરમાં બે રોક ટોક દોડતાં ઓવર લોડ વાહનો

ભાવનગર,

ભાવનગરમાં બેફામ રીતે દિવસે પણ ઓવરલોડ ભારે વાહનોની અવર જવર ચાલુ છે. જેના કારણે શહેરમાં નાના – મોટા અકસ્માતના કિસ્સાઓમાં વધારો થયો છે. ભાવનગર શહેરમાં ઓવરલોડ વાહનો પર સવાર ૮થી ૧ અને સાંજે ૪થી ૮ વાગ્યા સુધી પ્રતિબંધ છે છતાં ઓવરલોડ અને ભારે વાહન ચાલકો બેફામ રીતે પ્રતિબંધિત સમયમાં શહેરમાં પ્રવેશ કરી રહ્યા છે.

જેના કારણે વારંવાર અકસ્માતની ઘટના વધી છે. નાના વાહનો અડફેટે આવતા અનેક નિર્દોષ લોકોના જીવ જઈ રહ્યા છે. આપને જણાવી દઈએ, ભાવનગર શહેરમાં ફેબ્રુઆરી માસમાં ઓવરલોડ સળિયા ભરેલા વાહને એક યુવાનને અડફેટે લીધો હતો. વાહન નીચે કચડાઈ જતા યુવકનું મોત થયું હતું. આવી જ એક ઘટના, નારી ચોકડી પાસે પણ બની હતી. જ્યાં એક ડમ્પરે મહિલાને અડફેટે લેતા મોત થયું હતું અને, આવી અનેક ઘટનાઓ અત્યાર સુધી બની ચૂકી છે.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### શ્રી ચોકસી આટર્સ અને કોમર્સ કોલેજ તથા જે.એમ. સાયન્સ કોલેજના સંયુકત ઉપક્રમે

# ગીર સોમનાથમાં થેલેસેમિયા સ્ક્રિનિંગ ટેસ્ટ કાર્યક્રમ યોજાયો

## ઉચ્ચ શિક્ષણ વિભાગ તેમજ ભકતકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા આયોજન

ગીર સોમનાથ, શ્રી સોમનાથ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી ચોકસી આર્ટ્સ અને કોમર્સ કોલેજ તથા જે.એમ.સાયન્સ કોલેજ વેરાવળના સંયુક્ત ઉપક્રમે પ્રથમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ વિભાગ તેમજ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા થેલેસેમિયા સ્ક્રિનિંગ ટેસ્ટ ફરજિયાત કરવામાં આવેલ હોય જે અંતર્ગત તા.૧૧/૦૯/૨૦૨૪ ના રોજ થેલેસેમિયા સ્ક્રિનિંગ ટેસ્ટ કાર્યક્રમનું આયોજન રેડક્રોસ સોસાયટી ગીરસોમનાથ-અમદાવાદ તથા જન સેવા ટ્રસ્ટ ઈંડિયન રેયોનના સહયોગથી કરવામાં આવેલ જેમાં રેડ ક્રોસ સોસાયટી ગીર સોમનાથના ચેરમેન શ્રી કિરીટભાઈ ઉનડકટ, ડો. ખેવનાબેન કાલાવડીયા ડો. મુકેશભાઈ છગ, ગિરીશભાઈ ઠક્કર, ગિરીશભાઈ વોરા તેમજ થેલેસેમિયા સ્ક્રિનિંગ ટેસ્ટ માટે અમદાવાદથી પધારેલ શ્રી નિલેષભાઈ ભારતીય, જયંતિભાઈ, રોનકભાઈ તથા અમિતભાઈ પટેલ તેમજ જન સેવા ટ્રસ્ટ ઈંડિયન રેયોનના અધિકારીશ્રી ડો. પ્રેમ ગાંગદેવ, શ્રી અપૂર્વ ત્રિવેદી તથા અરુણભાઈ ઉપસ્થિત રહેલ. તમામ અધિકારીશ્રીઓનું આચાર્યશ્રી ડો. એન.એલ. જોશી દ્વારા શ્બ્દિક સ્વાગત કરવામાં આવેલ, ત્યારબાદ કિરીટભાઈ ઉનડકટ દ્વારા થેલેસેમિયા સ્ક્રિનિંગ ટેસ્ટની અગત્યતા શું છે તે અંગે વિધાર્થીઓને માર્ગદર્શન આપેલ તેમજ જન સેવા ટ્રસ્ટ ઈંડિયન રેયોનના અધિકારીશ્રી ડો. પ્રેમ ગાંગદેવ સાહેબ હેલ્થ અને માનવજીવન તેમજ થેલેસેમિયા માઈનોર- મેજર અંગે પોતાનું વક્તવ્ય આપેલ. સમગ્ર કાર્યક્રમનુ આયોજન એન.એસ.એસ. વિભાગ આંતરગત પ્રોગ્રામ ઓફિસર ડો. એ. એમ. ચોચા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમનુ સંચાલન ડો. નરેશ પરમાર દ્વારા તેમજ આભારવીધી જે.એમ.સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ કુંજ ધનેશ દ્વારા કરવામાં આવેલ, આ સમગ્ર કાર્યક્રમ માટે એન.એસ.એસ. અને ઈકોક્લબના વિધાર્થીઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ તેમજ આ કાર્યક્રમમાં સમગ્ર કોલેજ સ્ટાફ પરિવાર ઉપસ્થિત રહેલ..

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# બાંટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં લુંટનાં બનાવમાં આરોપી પાસેથી રોકડ રિકવરી

## ફરિયાદી યાજ્ઞીક જોષી દ્વારા વેંચેલ દાગીનાનાં વેંચાણનાં રોકડ ૧૧, ૩૯, ૦૦૦ની રીકવરી

જુનાગઢ,

બાટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલ લુંટનાં બનાવનો પોલીસે પર્દાફાશ કરી ફરિયાદી રચિત કાવતરાને ઉઘાડુ કરી બનાવ બન્યા પહેલા ફરિયાદી યાજ્ઞિન જોષી દ્વારા વહેંચેલ ૨૦૦ ગ્રામનાં સોનાના દાગીનાનાં વેંચાણનાં રોકડ રૂા.૧૧,૩૯,૦૦૦ની જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા રિકવરી કરી હતી. વધુ તપાસ દરમિયાન આરોપી યાજ્ઞિક જોષીની વિશેષ પુછપરછ કરતા બનાવ બન્યાનાં અગાઉ યાજ્ઞિક જોષી, ધનરાજ ભાડંગે અમદાવાદથી કલા ગોલ્ડ કંપનીનાં સોનાનાં દાગીનાં વહેંચવા નિકળેલ તે પહેલા કલા ગોલ્ડ કંપનીનાં દાગીનામાંથી આશરે ૨૦૦ ગ્રામ જેટલા વજનનાં દાગીના યાજ્ઞિક જોષીએ શ્રીજી ટચ માણેક ચોક અમદાવાદ જ્વેલર્સ નામની દુકાને ઓગાળી વેંચી નાખેલ. જે ૨૦૦ ગ્રામ સોનાના દાગીનાનાં વેંચાણથી મળેલ રકમ યાજ્ઞિક જોષી દ્વારા અલગ અલગ વ્યક્તિઓને આપેલ જે રિકવરી કરી તપાસ કરતા યાજ્ઞિક જોષી દ્વારા અગાઉનાં બાકી હિસાબ પેટે કલા ગોલ્ડ કંપનીનાં માલિક સંજયભાઈ બાલચંદભાઈ શાહને આશરે ૧૮ ગ્રામ સોનાની લગડી આપેલ જેની રકમ ૧,૮૯,૦૦૦, યાજ્ઞિક જોષીએ તેના પિતયા અરવિંદભાઈ જોષીને આપેલ રકમ જે પરત મળેલ રોકડ રૂા.૫,૦૦,૦૦૦ તથા શાહેદ ધનરાજ મોરારસા ભાડંગેને આપેલ રકમ જે પરત મળેલ રોકડ રૂા.૨,૦૦,૦૦૦ તથા યાજ્ઞિક જોષીએ તેના ભાઈ મોહિત ધર્મેન્દ્રભાઈ જોષીને આપેલ રકમ જે પરત મળેલ રોકડ રૂા.૨,૫૦,૦૦૦ની પોલીસ દ્વારા રિકવરી કરવામાં આવી હતી.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# માધાપરમાં રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી

ભુજ,

આઈ.સી.ડી.એસ. ભુજ ઘટક-ઉદ્વારા માધાપર ખાતે સંકલિત બાળ વિકાસયોજના અધિકારીશ્રી નીતાબેન સી. ઓઝાના માર્ગદર્શન હેઠળ તથા શ્રી જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી ડી.ડી. પંડયાના અધ્યક્ષસ્થાને ૭માં રાષ્ટ્રીય પોષણ માહ - ૨૦૨૪ ની પાંચ થીમ પૈકી એનીમિયા (TEST, TREAT TALK ) અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કુકમા -૧ સેજાના આંગણવાડી કાર્યકરો દ્વારા એક પેડ માં કે નામ થીમ અંતર્ગત વૃક્ષોના જતન અંગે નાટ્યની રજૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમને આગળ વધારતા માધાપર-૧૨ આંગણવાડી કેન્દ્રના કાર્યકર દ્વારા પોષણ માહ અંતર્ગત આંગણવાડી કેન્દ્રમાં કરવાની થતી કામગીરી તથા લાભાર્થીઓ સુધી વધુમાં વધુ લાભ પહોંચાડવા અંગે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમના અધ્યક્ષ શ્રી ડી.ડી. પંડયા દ્વારા પોષણ માહ અંતર્ગત કરવાની થતી કામગીરી, ટી.એચ.આર. ના વિશેષ ઉપયોગ તથા એનીમિયા જાગૃતિ અંગે સમજણ આપવામાં આવી હતી. આયુષ ડીપાર્ટમેન્ટ દ્વારા બહોળી સંખ્યામાં આંગણવાડી કાર્યકરોની આરોગ્યતપાસ કરી એમને હોમિયોપેથીક દવાઓ આપવામાં આવી હતી તથા એનીમિયા જાગૃતિ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ**
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
- ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
- સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
- માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
**યામાહા શોરૂમ**
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૧૩-૦૯-૨૦૨૪ શુક્રવાર

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
**આનંદ કલોથ સ્ટોર**
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

BAJAJ FINSERV

**આશાપુરા ફર્નીચર**
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અદ્યતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

### શ્રી ગોપાલલાલ મહારાજશ્રીની સકલ સૃષ્ટિના વૈષ્ણવો દ્વારા

# બગસરા થી ભિયાળ (લાલજી) પદયાત્રા યોજાઇ

**પદત્રાયાને ૫૦ પુરા થતાં યોજાયેલી પદયાત્રામાં ૩૦૦ થી વધુ પદયાત્રીઓ જોડાયા**



બગસરા,(રૂપેશ રૂપારેલિયા) બગસરા થી ભિયાળ (લાલજી) જે શ્રીગોપાલલાલ મહારાજશ્રીની સકલ સૃષ્ટિનું શ્રીમદ ગોકુળને વ્રજ ધામ ગણાય છે તેમ સોરઠનું જૂનાગઢ જીલ્લાના ભેશાણ તાલુકાના વડાલ પાસે આવેલ ભીયાળ ગામ એ શ્રીગોપાલલાલ મહારાજશ્રીની સકલ સૃષ્ટિના વૈષ્ણવો તેને પ્રજ તરીકે માનેછે જેટલું વ્રજની યાત્રા જાત્રા માનવામાં આવેછે તેમ ભિયાળની યાત્રાને જાત્રા માનવામાં આવેછે આ પદયાત્રા આજ થી પંચાસ વર્ષ પૂર્વે બગસરાના પરમ છીપા વૈષ્ણવ ગૌ.વા.શ્રીગોકળદાસ રણછોડદાસ સિકોતરા તેમજ રમણિકભાઈ ચુડાસમા બબાભાઈ કંસારા હરસુખભાઈ બચુભાઈ ભરખડાંએ આ પદયાત્રા શરૂ સૂચન કરેલ આ પદયાત્રાનો પ્રારંભ બગસરાના વાંઝાવાડ વિસ્તારમા આવેલ ગૌ.વા.જમનાદાસ ગોકળદાસ સીકોતરાના ઘરે ગૃહ સેવા છે તેમના દર્શન કરી થાયછે જેને પ.ભ. શ્રી હરસુખભાઈ બચુભાઈ ભરખડાએ સતત પચીસ વર્ષ સુધી સંચાલન કરેલ ત્યાર બાદ પદયાત્રા શરૂ રાખવાની જવાબદારી બગસરા શ્રીગોપાલ છોટી મંડળી દ્વારા આશરે દસેક વર્ષ સુધી જવાબદારી પૂર્ણ કરી બગસરાના પરમ ભગવદી રમેશભાઈ સિકોતરાએ આ જવાબદારી લીધેલ જે આજે પણ અવિરત પચાસમી પદયાત્રા સુધી જાળાવી રાખેલ છે વર્ષોથી થતી આ પદયાત્રાને ધણાં બધાં વૈષ્ણવો દ્વારા સહકાર મળી રહેલ જેમકે, વૈષ્ણવોને ઉતારા માટે ઉમરાળીમાં રમણીકભાઈ વઘાસિયાને ત્યાં પ્રથમ ઊતારો બાદમાં ભેશાણ ખાતે આવેલ સૌરાષ્ટ્ર મંડળીના ચેરમેન અનિલભાઈ વેકરીયા દ્વારા ઠંડા પીણાં ચા નાસ્તોનું આયોજન કરવામાં આવેછે ત્યારબાદ રાણપુરમાં ધણાં વર્ષો સુધી શ્રીરાણેશ્વર મહાદેવ મંદિરની જગ્યાએ રાત્રિ રોકાણ ત્યાર બાદ હાલમાં રાણપુરમાં ગૌશાળામાં ઉતારો મળી રહેલ છે આગળ ચાલતાં ઈચ્છાપુરમાં બાવનજીભાઈની વાડીએ બપોરના પ્રસાદ લેવા માટેની વ્યવસ્થા મળી રહેલ હાલ કાથરોટામાં ગૌશાળામાં પ્રસાદની વ્યવસ્થા મળી રહેલ બગસરા છોટી કિર્તન મંડળી દ્વારા બગસરા થી ભિયાળ સુધી રસ્તામાં છાશ પાણી ઠંડા પીણા સહિત વૈષ્ણવોની સારસંભાળની ખુબ સુંદર જવાબદારી નીભાવેલ અને છોટી કીર્તન મંડળીએ ઠાકોરજીને લાડ લડાવવા કલાસિકલ કિર્તનો ગાઈને વૈષ્ણવોને આનંદ લેવરાવેલ પદયાત્રા ભિયાળ ગામે પંહોચતા ભિયાળ ગૌશાળાનાં સંચાલકોએ બેન્ડ બાજા થીં પદયાત્રીઓનું સામૈયું કરેલ અને પુરા ઉત્સાહ થી વૈષ્ણવો તેમાં ભાગ લીધો હતો.શ્રી ગોપાલ લાલ મંદિરનાં તમામ સંચાલકોએ વૈષ્ણવોની સરાહના કરેલ.આ પદયાત્રા પૂર્ણ થયા બાદ દર વર્ષે પદયાત્રીઓ દ્વારા પંચાવ મનોરથ મનાવવામાં આવતો પરંતુ પચાસ વર્ષ પૂર્ણ થતાં હોય ત્યારે શ્રી ઠાકોરજીએ પ.ભ. હિરેનભાઈ ને મનમાં ઉપજાવેલ હોય તેમ તેમના દાદાશ્રી પ.ભ. કાન્તિભાઈ ગોકળદાસ સિકોતરાનો મનોરથનુ આયોજન રાખેલ જેમાં અસંખ્ય વૈષ્ણવોએ લાભ લીધેલ હતો.બગસરા થી ભિયાળ પદયાત્રા માં વર્ષો થી વૈષ્ણવો માટે ભોજન સામગ્રી બનાવવા માટે સર્વ શ્રી, પ્રવિણભાઈ ચુડાસમા, કિશોરભાઈ મારડીયા, સુરેશભાઈ જેઠવા.તેમજ આ વર્ષે ભરતભાઈ મારડીયાએ તેમજ વૈષ્ણવ બહેનો એ તેમજ અપરસ ગૃપનાં તમામ સભ્યોએ સામગ્રી સેવા આપેલ આ મંગલ મનોરથમાં રાત્રે ઢાઢી-લીલાનું આયોજન કરવામાં આવેલ જેમાં શ્રી જનકભાઈ કંસારા તેમજ શ્રી હરેશભાઈ ઈટાલીયા એ ઢાઢી-ઢાઢણ નાં સ્વરૂપે વૈષ્ણવોને અલૌકિક આનંદની અનુભૂતિ કરાવેલ તેમજ આ પદયાત્રાને પચાસ વર્ષ પૂર્ણ થતાં હોય ત્યારે પદયાત્રા દરમ્યાન સહયોગ આપનાર દરેક ને સંઘ ના સંચાલક તરીકે રમેશભાઈ સિકોતરા દ્વારા શાલ ઓઢાડી સન્માન કરેલ હતું.

### મંગલમુર્તિ મહિલા મંડળ દ્વારા ગણેશ ઉત્સવનું આયોજન થતાં

# અમરેલીમાં લાઠી રોડ પર મહાઆરતીનો લાભ લેતાં દંડક શ્રી કૌશિકભાઇ વેકરીયા

**ડો. ગજેરા, શ્રી ભાવેશભાઇ સોઢા, શ્રી બિપીનભાઇ લીંબાણી, શ્રી મનિષભાઇ ધરજીયા, શ્રી ભરત મકવાણાની ઉપસ્થિતિ**



અમરેલી,અમરેલી શહેર લાઠી રોડ પર આવેલ મંગલમૂર્તિ મહિલા મંડળ આયોજિત ગણપતિ મહોત્સવમાં આજરોજ આરતીનો લાભ લેતા ગુજરાત સરકારના નાયબ મુખ્ય દંડક એવા અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઇ વેકરીયા, અમરેલી શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, નગરપાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, કારોબારી ચેરમેન મનીષભાઈ ધરજીયા, શહેર ભાજપ મહામંત્રી ભરતભાઈ મકવાણા, વિશ્વ હિન્દુ પરિષદના ડોક્ટર ગજેરા , નિત્યમ સ્કૂલના હસમુખભાઈ પટેલ , નગર સેવકો હરિભાઈ કાબરીયા, સંદીપભાઈ માંગરોળીયા, દિલીપભાઈ બામણીયા, જિલ્લા ભાજપના કોષાધ્યક્ષ દીપકભાઈ વઘાસિયા, બ્રહ્મ સમાજના પ્રમુખ મુકુંદભાઈ મહેતા, શાસ્ત્રી શ્રી ચિંતનભાઈ પંડ્યા, રમેશભાઈ જાદવ, જિલ્લા શિક્ષણ કચેરીના સાગરભાઈ, બક્ષીપંચ મોરચાના નાથુભાઈ ધાધલ, યુવા ભાજપના કિશનભાઈ સીલુ, પરેશભાઈ મહેતા, જીતાભાઈ ખંભાયતા, કેતનભાઈ લોહાણા, જમૈ ના મેનેજર નિશાંતભાઈ ચાવલાવિગેરે આગેવાનો આજ મંગલમૂર્તિ મહિલા મંડળ આયોજિત ગણપતિ મહોત્સવમાં આરતીનો લાભ લીધો હતો.

### બ્રહ્માકુમારીઝના દિલ્હી અને પંજાબથી પધારેલા આધ્યાત્મિક પ્રેરક વકતાઓ દ્વારા

# અમરેલીની અલગ અલગ કચેરીઓમાં પ્રવચનો યોજાયા

**અમરેલી બ્રહ્મકુમારીઝ સેવા કેન્દ્ર પ્રશાસક સેવા પ્રભાગ દ્વારા આયોજન**



અમરેલી,બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર અમરેલી તથા પ્રશાસક સેવા પ્રભાગ દ્વારા શહેરની કલેકટર ઓફીસ, જિલ્લા પંચાયત તથા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના તમામ અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓને ગુરૂગ્રામ ઓમ શાંતિ રીટ્રીટ સેન્ટર ઓ. આર.સી. ના બ્ર.કુ. ઈશુબહેન તથા જલંધર પંજાબના બ્ર.કુ. સી.એ. નેહા બહેન દવારા કલેકટર ઓફીસમાં હેપી માઈન્ડ હેલ્ધી બોડી વિષય પર ઉડાણ પૂર્વક સમજાવવામાં આવેલ. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી અજય દહિયા આઈ.એ.એસ. એડીશનલ કલેકટર દિલીપસિંહ ગોહિલ તથા ૬૦ જેટલા દરેક શાખાના કર્મચારીઓએ ભાગ લીધેલ.જિલ્લા પંચાયત ઓફીસમાં બ.કુ. ઈશુબહેને ભાગ દોઠવાળા જીવનમાં સટેસ ફ્રી એડમીનસસ્ટ્રેશન માટે મહત્વપૂર્ણ ચુકતીઓ સમજાવતા જણાવેલ કે સેલ્ફ મેનેજમેન્ટ અને રાજયોગ મેડીટેશન ધ્વારા તનાવ મુક્ત રહી શકીએ છીએ આ સમયે ડી.ડી.ઓ. પી.બી.પંડયાએ સર્વેને ૭ દિવસનો કોર્ષ કરવા ભાર મૂકેલ. ડેપ્યુટી ડી.ડી.ઓ દિપા કોટની સાથે કર્મચારીઓ તનાવ મુકત બનેલ.પોલીસ હેડ કવાટર્સ અમરેલી ખાતે વર્ક લાઈફ બેલેન્સ વિષય પર બ્ર.કુ. સી.એ. નેહાબહેને જીવન જીવવામાં બેલેન્સ કેમ રાખવું તેની સમજ આપેલ ડી.વાય.એસ.પી. ગોહિલ ડી.વાય.એસ.પી. રાઠોડની આગેવાની સાથે ૧૩૦ પોલીસ કર્મચારીઓએ કામમાં વ્યસ્ત હોવા છતા જીવન સરળતાથી જીવવાનો સંકલ્પ કરેલ. જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક અમરેલીના તમામ કર્મચારો તથા ઓફીસરોને સેલ્ફ મોટીવેશન પર બ્ર.કુ. સી.એ. નેહાબહેને સેલ્ફ લવ, સેલ્ફ ટોક, અને સેલ્ફ રીલાઈઝેશન આ ત્રણ વસ્તુઓની ઉડાણ પૂર્વક સમજ આપી. બેંક મેનેજર કોડીયા સ્વાગત કરી બેંકના ૮૦ કર્મચારીઓએ પોતાને પ્રોત્સાહીત કરવાની કલા શીખેલ.સમગ્ર સફળ કાર્યક્રમ માટે બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્રના મુખ્ય સંચાલિકા બ્ર.કુ. ગીતાબહેન તથા બ્ર.કુ.કિંજલબહેન તથા બ્રહ્માકુમારીઝ પરિવાર અમરેલીનું વિશેષ યોગદાન રહેલ તમ પ્રેસ રીપોટર મધુબન ન્યુઝ અમરેલીના બ્ર.કુ. આઈ.પી. બારડની યાદી જણાવે છે.

# ધારી દામાણી હાઇસ્કુલમાં શિક્ષકદિન ઉજવાયો

**બાળકોએ સ્વયમ શિક્ષકની ભુમિકા નિભાવી**



ધારી,(ઉદયચોલેરા) ૫મી સપ્ટમ્બરે સમગ્ર ભારતવર્ષમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવેછે.આ દિવસે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ હોય ભારતભરમાં શિક્ષકદિવસના નામે ઉજવવામાં આવે છે.શિષ્ત,ક્ષમા અને કરુણાનો સુભગ સમન્વય એવા શિક્ષક ને યાદ કરીને શ્રી જી.એન.દામાણી શાળાના ૫૦ વિદ્યાર્થીઓએ સારસ્વતની ભૂમિકા અદા કરી મા સરસ્વતીને પૂજન અર્ચન કરી શાળાને ઉજળી કરી બતાવી છે.આજના દિવસે ભાગ લેનાર દીકરા - દીકરીઓ ખૂબ ઉત્સાહથી શાળામાં દરેક વિષય ને વર્ગમાં અભ્યાસ કરાવી એક દિવસ સમગ્ર શાળાનું સંચાલન કર્યું હતું. પ્રાર્થના સભા બ,ગુરુવાણીમાં શિક્ષકનો મહિમા બતાવી કાર્યનો શુભારંભ કર્યો અને શિક્ષકદિવસની ઉજવણી કરવામાં આવી.આ તકે શાળાના આચાર્યશ્રી માનસિંહ બારડ તથા પ્રમુખશ્રી અને સરપંચશ્રી ધારી ગ્રામ પંચાયત શ્રી ભુપતભાઈ વાળા,શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી દિપકભાઈ અને ધારી ગ્રામ પંચાયત ટીમે શ્રી જી.એન.દામાણી શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા.

# સાવરકુંડલાના ગણેશ ઉત્સવમાં બલુન ડેકોરેશન થીમ પર ગણપતિના દર્શન

**સદભાવના ગૃપ દ્વારા રંગબેરંગી ફુગ્ગાઓનો શણગાર**



સાવરકુંડલા,સદભાવના ગ્રુપ સાવરકુંડલા દ્વારા ગણેશ મહોત્સવમાં બલુન ડેકોરેશન ની થીમ પર દર્શન યોજાયા તેમાં જેમાં દાદા ને રંગબેરંગી ફુગાવાઓ નો શણગાર કરવામાં આવ્યો હતો તેમજ ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે ગણેશ પેન્ટિંગ કોમ્પિટિશન તથા ધોરણ ૫ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે માટીના ગણેશ કોમ્પીટીશન યોજવામાં આવી. એમાં ૨૫૦ થી પણ વધારે બાળકોએ ભાગ લીધો હતો.તમામ બાળકોએ અદભુત પેન્ટિંગ તથા માટીના ગણેશજીની મૂર્તિ બનાવી પોતાની કલાકૃતિ રજૂ કરી લોકોને મંત્રમુગ્ધ બનાવી દીધા હતા.તમામ બાળકોને ૧ થી ૩ નંબર તથા ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ડિજિટલ યુગમાં કિશોરીના ઉછેર અને સલામતી પર ઇન્ટરેક્ટિવ સત્રનું આયોજન

**માતા-પિતા અને વિદ્યાથીઓ દ્વારા સામનો કરવામાં આવતા પડકારોને પહોંચી વળવા ટોટલ પેરેંટિંગ સોલ્યુશન્સ લોન્ચ કરવામાં આવ્યુ**




અમદાવાદ,(રાજેશ મહેતા)કેલોરેક્સ ગ્રૂપ દ્વારા ડિજિટલ યુગમાં પેરેન્ટિંગ સોલ્યુશન્સ પર એક અસરકારક મંત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. કેલોરેક્સ ગ્રૂપના MD CEO ડો. મંજુલા પૂજા શ્રોફે માતા-પિતા અને વિદ્યાર્થીઓને પડકારરૂપ બેવા સાયબર બુલિંગ, કેટફિશિંગ ઓનલાઇન ચૂમિંગ, સોશિયલ મીડિયા એડિક્શન સહિતના મુદ્દા પર ચર્ચા કરી હતી.સત્રમાં ઈન્ટરનેટ યુગમાં વાલીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા સામનો કરવામાં બાવતા પડકારોને પહોંચી વળવા માટે 'ટોટલ પેરેટિંગ સોલ્યુશન' એક સર્વગ્રાહી સ્ત્રોત તરીકે રજૂ કરવામાં આવ્યું. પેકેજમાં ડો. મંજુલા પૂજા શ્રોફનું નંબર- ૧ બેસ્ટસેલર પુસ્તક 'બેબી સ્ટેપ ટુ બીગ ડ્રિસ', હાલમાં જ પ્રકાશિત થયેલ બેબી સ્ટેપની નવી સિકવલ 'સેફ ટીન સ્ટેપ', જે યંગ એડલ્ટસને સાયબર સિક્યોર બનાવવા, અને સિટીંગ-બાય-માયા' નામનું અત્યાધુનિક AI જનરેટિવ ટુલ, વિદ્યાર્થી, શિક્ષકો અને વાલીઓને ચોક્કસ પડકારો અને પુત્રોના ત્વરિત ઉકેલ પ્રદાન કરે છે.વરિષ્ઠ પત્રકાર અને લેખિકા શ્રીમતી રાગિણી ભારદ્વાજ અને ડો. મંજૂલા પૂજા શ્રોફ દ્વારા લિખિત 'સેફ ટીન સ્ટેપ્સ'નું લોન્ચિંગ ઈવેન્ટની મહત્વની હાઈલાઈટ હતી. આ પુસ્તકમાં ડિજિટલ યુગમાં કિશોરવયમાં વધતા જોખમો જેવા કે સાયબર બુલિંગ, કેટફિશિંગ, ઓનલાઈન ચૂમિંગ, સેકસટિંગ, બ્લેકમેઈલિંગ અને સોશિયલ મીડિયા એડિક્શન સહિતના પ્રતિબંધિત વિષયોને આવરી લેવામાં આવ્યા છે. આ પુસ્તક માતા-પિતા અને કિશોરવયનાને વ્યવહારીક આંતરદ્રષ્ટિ પ્રદાન કરે છે, અને આત્મવિશ્વાસ અને સુરક્ષિત રીતે ઓનલાઈન યુગનો ઉપયોગ કરવા માટે માહિતગાર કરી સશક્ત બનાવે છે.ડો. મંજુલા પૂજા શ્રોફે જણાવ્યું હતું કે, કિશોરાવસ્થા અત્યંત નાજુક અને રચનાત્મક હોય છે. તે વ્યક્તિને સારી કે ખરાબ બનાવી શકે છે. યુવા અવસ્થા માટે યોગ્ય ન હોય તેવી સામગ્રીનો સંપર્ક તેમની માનસિક અને ભાવનાત્મક સુખાકારી પર અસર કરી શકે છે. માતા-પિતા અને શિક્ષકો માટે બાળકોને ડિજિટલ પડકારોનો સામનો કરવા માટે માર્ગદર્શન આપવું મહત્વપૂર્ણ છે. તંદુરસ્ત વિકાસ માટે માતા-પિતા અને બાળકો વચ્ચે ખુલ્લો સંવાદ પણ જરૂરી છે.

# ચલાલા ગાયત્રી સંસ્કાર વિદ્યાલયની ટીમ ઇન્ટરનેશનલ લેવલે બીજા ક્રમે

**લખનઉ ખાતે કલ્ચર કાર્યક્રમમાં બીજો ક્રમ મેળવી ચલાલાનું ગૌરવ વધાર્યુ**



ચલાલા,યુગનિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં વિદ્યાર્થીઓ લખનવ ખાતે ઈન્ટરનેશનલ લેવલે કલ્ચર પ્રોગ્રામમાં બીજો નંબર મેળવી વિદ્યાર્થીઓએ ગાયત્રી સંસ્કાર વિદ્યાલય તથા ઘર પરિવારનું નામ રોશન કર્યુંછે. જેમાં જેમાં અલગ અલગ ગામમાં ચલાલાથી શ્લોક મહેતા, ઢોલરવાથી વાળા દિવ્યરાજ, દહીડાથી વાળા જયદીપ, લાખાપાદરથી સોજીત્રા પ્રીત આ બધાએ પોતાની અંદર છુપાયેલી કલા રજુ કરીને સુંદર પરફોર્મન્સ આપ્યું હતું. માર્ગદર્શક શિક્ષક શ્રી અરવિંદભાઈએ સંપુર્ણ જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાનાં શિલ્પી પુ.શ્રી ડો.રતિદાદા, સંચાલક શ્રી ભારત ભુષણ મહેશભાઈ મહેતા, આચાર્ય શ્રી શીતલબેન મહેતાએ શુભેચ્છા પાઠવી મંત્રોઉચ્ચાર કરી વિદાય આપી હતી.

# સાવરકુંડલા અને લીલીયામાં ભાજપ સદસ્યતા કાર્ડ નિકળે પણ આધારકાર્ડ નિકળતા જ નથી

**તાલુકા કોંગ્રેસ પ્રમુખ શ્રી નરેશ દેવાણીનો ભારે આક્રોશ**

સાવરકુંડલા,સાવરકુંડલા તાલુકા પંચાયત માં હાલ ૧૫ દિવસ આધાર કાર્ડ ની ઓફીસ બંધ છે. જેમાં પોસ્ટ ઓફિસ માં પણ આ આધારકાર્ડ ની કામગીરી થઈ રહેલ નથી અમરેલી જિલ્લાના રાજુલા, જાફરાબાદ, ખાંભા,સાવરકુંડલા તાલુકાની વચ્ચે માત્ર એકજ કીટ સાવરકુંડલા ખાતે કાર્યરત હોય જેના કારણે પાંચ તાલુકાના લોકોની મોટી લાઈનો સાવરકુંડલા જનસેવા કેન્દ્ર માંથઈ રહી છે લોકો હેરાન પરેશાન થઈ રહ્યાં છે.

ત્યારે હાલ ભારતીય જનતા પાર્ટી દ્વારા ઓનલાઈન સદસ્યતા માટે ભાજપ ના કાર્યકર્તાઓ આ સદસ્યતા મેળવા વ્યસ્ત છે. પરંતુ લોકો ની પીડા માં કોઈ રસ નથી.માત્ર ફોટોસુટ માટે પેરાશુટ થઈ ને આ ભાજપ ના લોકો આવી પડે છે પણ લોકો ના કામોની કઈ પરવાહ નથી ત્યારે નરેશભાઈ દેવાણી પ્રમુખ સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ દ્વારા કટાક્ષ સાથે અખબારી યાદી માં જણાવ્યું છે કે,સાવરકુંડલા તાલુકા માં ભારતીય જનતા પાર્ટી ના સદસ્યોં સદસ્યતા કાર્ડ માં વ્યસ્ત અને આમજનતા આધારકાર્ડ કાઢવામાં ત્રસ્ત થઈ ગયા છે.

# સાવરકુંડલા શહેરમાં માનસિક અભિયોગીતા કસોટી યોજાઇ

**નારાયણ મેથ્સ કલબ દ્વારા અભિયોગીતાનું આયોજન**



સાવરકુંડલા,સાવરકુંડલા મુસ્લિમ મીર જમાતના ઉપપ્રમુખ, યુવા પત્રકાર, અને સુન્ની મુસ્લિમ જમાતના કારોબારી સદસ્ય સાજીદ ભાઈ વારાણી ની દીકરી પરીનાઝ સાજીદ ભાઈ વારાણી(મીર) તેમજ તેમની ભત્રીજી ઉમ્મેસલમા સિકંદર ભાઈ વારાણી(મીર)) દ્વારા આ સ્પર્ધા માં સફળતાપુર્વક પાસ કરીને સાવરકુંડલા સમસ્ત સુન્ની મુસ્લિમ સમાજ તેમજ સાવરકુંડલા સુન્ની મુસ્લિમ મીર જમાત નું ગૌરવ વધારેલ છે તે બદલ તેમને સમાજના તથા શૈક્ષણિક જગતના તેમજ રાજકીય અને સામાજિક લોકોએ અભિનંદન અને ભવિષ્ય માં ઉતરોતર પ્રગતિ થાય અને આવી જ રીતે સમાજ નું નામ અને ગૌરવ વધારતા રહો તેવી શુભકામનાઓ પાઠવેલ છે.

# અમરેલી નાગનાથ મંદિરે ગણેશ ઉત્સવમાં ભાવિકો ઉમટયા

**મુખબધિર શાળા અને અંધશાાળાની બહેનોએ મહાઆરતી યોજી**



અમરેલી,અમરેલીમાં આવેલ નાગનાથ મહાદેવ મંદિર ખાતે નાગનાથ યુવક મંડળ દ્વારા આયોજીત સાર્વજનિક ગણેશ ઉત્સવ ૨૦૨૪ માં આજરોજ ગણપતિજી ની મહા આરતી ગણેશ ઉત્સવ માં મુક બધિર શાળા ના બાળકો દ્વારા તેમજ શાળા ની ટીમ અને મણિનગર ની અંધશાળા ની બહેનો ના હસ્તે મહા આરતી કરવામાં આવી હતી.આ સાર્વજનિક ગણેશ ઉત્સવ નું આ ૧૨૫ મુ વર્ષ ઉજવે છે જેમાં બહોળી સંખ્યા માં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા તેમ નાગનાથ યુવક મંડળ ની યાદી માં જણાવાયું છે.

## પહેલા પાનાનું
### બગસરામાં લોકાર્પણ

મેહુલભાઈ ધોરાજીયા, ભુપેન્દ્રભાઈ બસીયા, પીઠાભાઈ નકુમ અને અતિથિ વિશેષપદે ધીરૂભાઈ કોટડીયા, પ્રદિપભાઈ ભાખર, રશ્મીનભાઈ ડોડીયા, અનિલભાઈ વેકરીયા, કે.ડી.નડીયાધરા, ડો.કામળીયા, મનોજભાઈ મહિડા, શ્રીમતિ ઈલાબેન માયાણી, શ્રીમતી રંજનબેન ગોહિલ, શ્રી વિઠલભાઈ હિરાણી, દેવચંદભાઈ સાવલીયા સહિત ઉપસ્થિત રહેશે તેમ જયોત્સનાબેન રીબડીયા નગરપાલિકાપ્રમુખ અને શ્રીમતી ભાનુબેન સોનગ્રા ઉપપ્રમુખ, કે.કે.પડીયા ચિફઓફિસર, શ્રીમતી મંજુલાબેન મેર કારોબારી ચેરમેન દ્વારા જણાવાયું છે.

## પહેલા પાનાનું
### ગણપતિ મહોત્સવ

સહકારી દિલીપભાઈ સંઘાણી સહિતના આગેવાનોએ દુંદાળા દેવની આરતી-દર્શન લાભ સાથે સર્વે સમાજ માટે સુખાકારીની કામના કરી હતી. આ તકે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, ચંદુભાઈ (સંજય) હરિભાઈ કાબરીયા, રવિન્દ્ર ચોડવડીયા સહિત વિશાળ સંખ્યામા શહેરીજનો ઉપસ્થિત રહયા હતા તેમ અખબારી યાદીના અંતમાં જણાવાયેલ છે.

## પહેલા પાનાનું
### અયોધ્યાથી યાત્રા

વિરપુર, બાબુભાઈ ગઢીયા પ્રમુખ, નાગજીભાઈ બારૈયા પ્રમુખ સમુહ લગ્નોત્સવ પ્રેમપરા ધારી, દિનેશભાઈ રાઠોડ ઉપપ્રમુખ, રમેશભાઈ રાઠોડ કોળી સમાજ, રાજેશભાઈ ઝીંઝુવાડીયા, દિનેશભાઈ મકવાણા ધારી, સુનિલભાઈ રાઠોડ, કિશોરભાઈ રુપાપરા, અજયભાઈ કુડેચા, એ ખુશી વ્યક્ત કરી હતી.

## છેલ્લા પાનાનું
### પરિણીતાનું ઝેરી

મહેશભાઈ વાળા તા.૬-૯ નાં રાત્રીનાં ઘરે છેલ્લા પાંચેક મહિનાથી ડીલેવરી બાદ કમરનો દુઃખાવો રહેતા દુઃખાવો સહન નહીં થતા ઝેરી દવા પી જતા દવાખાને ખસેડાતા સારવાર દરમિયાન મોત નિપજ્યાનું મોહનભાઈ પ્રેમજીભાઈ પરમારે સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## પહેલા પાનાનું
### અકસ્માત સર્જાયો

નહીં કરવામાં આવે તો મોટી દૂર્ઘટના સર્જાશે તેવું સ્થાનિક લોકોનું કહેવું છે. એસટી ડ્રાઈવર અકસ્માત કરીને નાસી છુટીયો હતો અને તાત્કાલીક ઘટના સ્થળ ઉપર ઈમરજન્સી ૧૦૮ ટીમ અને પોલીસે પહોંચી જઈને ગંભીર ઈજાગ્રસ્ત લોકોને સારવાર માટે મહુવા હોસ્પિટલ ખસેડ્યા હતા.

## છેલ્લા પાનાનું
### પ્રૌઢનું ગળાફાંસો

નું આકસ્મિક નિધન થતા બહોળા ત્રિવેદી પરિવાર તથા અમરેલી નગરપાલિકા પરિવાર અને બ્રહ્મ સમાજમાં ઘેરા શોકની લાગણી છવાઈ છે. સદગતની અંતિમયાત્રામાં બહોળી સંખ્યામાં લોકો જોડાયાં હતાં.

### ગ્રામ પંચાયત કચેરી - જીરા, તા.સાવરકુંડલા, જી.અમરેલી
**-:: જાહેર હરરાજી ::-**

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે જીરા ગામે સીમરણ - જીરા રોડ પર ગેટ પાસે આવેલ પાણીના ટાંકાની જાહેર હરરાજી કરવાની હોવાથી તાલુકા પંચાયત સાવરકુંડલા તરફથી મંજુરી આવતા આપણી જીરા ગ્રામ પંચાયત તરફથી જુના અને જર્જરીત પાણીના ટાંકાની હરરાજી તા.૨૦-૯-૨૦૨૪ ને શુક્રવારે સવારે ૧૧:૩૦ કલાકે રાખેલ હોય તો હરરાજીમાં ભાગ લેવા ઇચ્છતા તથા રસ ધરાવતા ઇસમોએ હાજર રહેવુ. હરરાજીમાં ભાગ લેવા ઇસમોએ સમય પહેલા હાજર રહેવુ.

તલાટી કમ મંત્રી — જીરા ગ્રા.પં.તા.સાવરકુંડલા
સરપંચ — જીરા ગ્રા.પં.તા.સાવરકુંડલા

### નામ બદલાવેલ છે

આથી હું મકરાણી ખુશબુબેન હુમાયુભાઇ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ મકરાણી ખુશ્બુ હુમાયુભાઇ માંથી બદલાવીને મકરાણી ખુશ્બુબેન હુમાયુભાઇ નવુ કરેલ છે. અને હવે પછીથી હું મકરાણી ખુશ્બુબેન હુમાયુભાઇ તરીકે ઓળખાઇશ.

સહી : મકરાણી ખુશ્બુબેન હુમાયુભાઇ
એડ્રેસ : કુંભારવાડા, શેરી-૧, રાજુલા
તા.રાજુલા, જી.અમરેલી પીન : ૩૬૫૫૬૦

### જાહેર નોટીસ કમ ચેતવણી

અમો મયુરભાઇ બી.દેસાઇ (એડવોકેટ) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે, મારા અસીલે અમરેલી જિલ્લાના કુંકાવાવ - વડીયા તાલુકાના ખજુરી પીપલીયા ગામની નીચેના પરિશિષ્ટમાં બતાવેલ ખેતીની જમીનના માલીક પાસેથી ખરીદ કરવા નક્કી કરેલ છે, સદરહુ ખેતીની જમીન વેચાણ વ્યવહાર સબંધે કોઇને કોઇનો માલીકી હક્ક, કબજા, ટાઇટલ કે અન્ય કોઇપણ પ્રકારનો વાંધો તકરાર, હક્ક, હિત, હિસ્સો, લાગ-ભાગ, બોજો તથા અન્ય કોઇનો કબજો, ભોગવટો, માલીકી હક્ક હોય તેમણે આજથી ૧૦ (દસ) દિવસમાં આધાર પુરાવા સાથે નીચેના સરનામે અમોને લેખીત જાણ કરવી જેમાં કસુર થયે કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી અને હશે તો તે જતો (WAIVE) કરેલ છે. કે અગ્ર હક્ક કરેલો નથી તેમ માની મારા અસીલ સદરહુ મિલ્કત ટાઇટલ કિલીયર ગણી અવેજ ચુકવી મારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે.

**-:: પરિશિષ્ટ ૧ ::-**

| ક્રમ | જમીન ધારકનું નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી.ક્ષેત્રફળ | ગામ |
|---|---|---|---|---|---|
| ૧ | બોરડ પ્રાગજીભાઇ રણછોડભાઇ | ૨૯ | ૨૯૩ પૈકી ૧ | ૪-૪૯-૨૦ | રામપુર |
| ૨ | બોરડ પ્રાગજીભાઇ રણછોડભાઇ | ૨૯ | ૨૯૩ પૈકી ૪ | ૧-૨૯-૫૦ | રામપુર |

તારીખ : ૧૩-૦૯-૨૦૨૪
સ્થળ : વડીયા

સરનામું :- દેસાઇ કન્સલ્ટન્સી, મયુરભાઇ બી.દેસાઇ (એડવોકેટ) ગુજરાત હાઇકોર્ટ સુરગપરા, મેઇન બજાર, મુ.વડીયા, જી.અમરેલી - ૩૬૫૪૮૦

ઉમિયા ફેશન
94281 90118
બ્રાન્ડેડ ઓફિસીયલ વેર | કોટન ટ્રાઉઝર
ટ્રેક પેન્ટ | ટી-શર્ટ | જીન્સ | નાઇટવેર
JOCKEY
Levi's
LUX cozi
M to 5XL અને 28 to 48 કમર
એકજ ભાવ
કાંચીરો ટ્રેક પેન્ટ મળશે.
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઇલ સામે, અમરેલી. (નાના આંકડીયા વાળા)

### જાહેર નોટીસ
**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં**

નં.મરણ નોંધણી/ અરજી નં.૧૪/૨૦૨૪

અરજદારશ્રી :- શ્રી ચીરાગભાઈ વશરામભાઈ આયર રહે.અમદાવાદ બોપલ, તા.અમદાવાદ
વિરૂધ્ધ....સામાવાળા :- ૧. તલાટી કમ મંત્રીશ્રી વડીયા, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પિતાશ્રી વશરામભાઈ વાસુરભાઈ આયર નાઓનું મરણ તા.૦૪-૦૭-૨૦૧૪ ના રોજ મુ.વડીયા, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા.૧૧-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
મામલતદાર અને એક્ઝિક્યુટીવ
મેજીસ્ટ્રેટ વડીયા

### જાહેર નોટીસ
**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં**

નં.મરણ નોંધણી/ અરજી નં.૧૪/૨૦૨૪

અરજદારશ્રી :- શ્રી રમેશભાઈ લાલજીભાઈ ભેંસાણીયા રહે.કૃષ્ણપરા વડીયા, તા.વડીયા
વિરૂધ્ધ....સામાવાળા :- ૧. તલાટી કમ મંત્રીશ્રી વડીયા, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના માતૃશ્રી સ્વ.જયાબેન લાલજીભાઈ ભેંસાણીયા નાઓનું મરણ તા.૧૪-૦૪-૧૯૮૯ ના રોજ મુ.વડીયા, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા.૧૧-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
મામલતદાર અને એક્ઝિક્યુટીવ
મેજીસ્ટ્રેટ વડીયા

### જાહેર નોટીસ
**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૨૧/૨૦૨૪

અરજદારશ્રી :- શ્રી જીવીબેન વા/ઓ વલ્લભભાઈ ઠાકરશીભાઈ હીરપરા રહે.ખડખડ, તા.વડીયા
વિરૂધ્ધ....સામાવાળા :- ૧. તલાટી કમ મંત્રીશ્રી ખડખડ, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પુત્ર શ્રી ભુપતભાઈ વલ્લભભાઈ હીરપરાનો જન્મ તા.૦૫-૦૭-૧૯૬૭ ના રોજ મુ.ખડખડ, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા.૧૧-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
મામલતદાર અને એક્ઝિક્યુટીવ
મેજીસ્ટ્રેટ વડીયા

### જાહેર નોટીસ
**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

નં.મરણ નોંધણી/ અરજી નં.૬૬/૨૦૨૪

અરજદારશ્રી :- શ્રી વિઠલભાઈ શામજીભાઈ વિરાણી રહે.બાઢડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી
વિરૂધ્ધ....સામાવાળા :- ૧. તલાટી કમ મંત્રીશ્રી બાઢડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના માતા મણીબેન શામજીભાઈ વિરાણીનું મરણ તા.૨૫-૦૩-૧૯૯૯ ના રોજ મુ.બાઢડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા.૦૩-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
મામલતદાર અને એક્ઝિક્યુટીવ
મેજીસ્ટ્રેટ સાવરકુંડલા

Hero
આ તહેવારોના શુભ અવસરે
આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવાર શુભ
Hero GIFT
Grand Indian Festival of Trust
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz

... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઈઝર્સ
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ
નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે,
જય કોમ્પ્લેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ,
માણેક સ્થંભની બાજુમાં,
લાઠી રોડ, અમરેલી
મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

ટીપટોપ પ્લાઝા, 'રાજકમલ ચોક' અમરેલી
પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ
બોનાન્ઝા બેન્કવેટ
કલાપી બેન્કવેટ
ગુલમહોર ફંક્શન હોલ
લગ્ન માટે • સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી
• શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન • ડાયરો
મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ એન્યુઅલ ફંક્શન • કંપની કોર્પોરેટ
ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંક્શન • બેસણું • પ્રાર્થનાસભા
તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૭૦ થી ૨૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતાઓ સાથે - એસી ફંક્શન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ ચાલુ છે.
સંપર્ક : પિનાકીન ચિત્તલીયા
મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩

સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર
સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર
ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન
દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા
બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ
કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા
લેહ લદાખ
દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ
પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફ્લાઇટ બુકિંગ • વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

### દુઃખદ અવસાન / બેસણું - અમરેલી

**સ્વ.ગીતાબેન વૃજલાલ વ્યાસ**
સ્વ.તા.૦૯-૦૯-૨૦૨૪

સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ મુળ અમરેલી હાલ રાજકોટ ગીતાબેન વૃજલાલ (વજુભાઇ) વ્યાસ ઉ.વ.૮૨ શ્રી નિતીનભાઇ તથા વિપુલભાઇ વૃજલાલભાઇ વ્યાસના માતુશ્રી તથા શ્રી ચીમનભાઇ વ્યાસના ભાભીનું તા.૦૯-૦૯-૨૦૨૪ ના રોજ અવસાન થયેલ છે.

**સદગતનું બેસણું**

તારીખ : ૧૪-૦૯-૨૦૨૪ ને શનિવારે સાંજે ૪ થી ૬ બ્રહ્મેશ્વર મહાદેવ મંદિર, બ્રાહ્મણ સોસાયટી, અમરેલી ખાતે રાખેલ છે.

લી.

શ્રી ચીમનભાઇ વ્યાસ — શ્રી નિકુંજ (કાનો) વ્યાસ
શ્રી નિતીનભાઇ વ્યાસ — શ્રી આનંદ વ્યાસ
શ્રી વિપુલભાઇ વ્યાસ — શ્રી ધાર્મિક વ્યાસ

નિતીન વ્યાસ મો.૯૪૨૭૪ ૯૧૧૩૫ - વિપુલ વ્યાસ મો.૯૨૨૭૬ ૦૩૫૧૦

સમગ્ર વ્યાસ પરિવારના જયશ્રી કૃષ્ણ

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઇ શકે...
કોઈપણ ઉંમરના વ્યક્તિની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

રજી.સે.શ.૩૬૭૫૨
॥ સત્યમેવ જયતે ॥
ઓડીટ વર્ગ 'અ'
અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯
દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

આકર્ષક વ્યાજદરો
સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
■ દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીક્સ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
■ દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
■ દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યક્તિગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
■ ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)
વિશ્વાસ તમારો અને મહેનત અમારી
અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.
• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઇન કોમ્પલેક્સ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧) ૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭) ૨૨૧૨૯૯

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી
Appointment Now M.8238599299
અરોમા પ્રિમીયમ બોડી સ્પા
AROMA PREMIUM BODY SPA
લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઇઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઇમેન્ટ માટે- M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તીધામ સામે, કેરીયારોડ, બાયપાસ ચોકડી પાસે, - અમરેલી

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa
ડ્રીમ ફેમીલી સ્પા
Ladies & Gents
ભાઇઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ એમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.
Appointment Now Mo.8160832025
પ્રોફેશનલ ફેમીલી સ્પા
Since : 2018 (7 વર્ષ જુનુ)
PROFESSIONAL spa
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઇઓ માટે એક સાથે એક ફ્રી
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
એપોઇન્ટમેન્ટ માટે : Mo.70169 65665

